॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ શ્રીકૃષ્ણનો શાશ્વત પ્રેમ ॥

ગદાધર પંડિત શ્રી ચૈતન્ય મહાપ્રભુને કહે છે :

'પહેલાં કોઈનો સંગ જ ન થજો.

અને સ્નેહ થઈ જાય તો વિરહ ન થજો.

અને વિરહ થઈ જાય તો તો પછી

જીવતરની આશા જ ન રહેજો.'

ત્યારે શ્રી ચૈતન્યે તેમને કહ્યું; 'જ્યાં વિરહ નથી, વિદાય નથી, વિયોગ નથી. એવો શ્રીકૃષ્ણનો પ્રેમ હું તમને આપું છું. એ પ્રેમ શાશ્વત છે, અસલ છે.'

જીવનયાત્રામાં કોઈ ને કોઈ ક્ષણે જેણે શ્રીકૃષ્ણના સારથિપણાને અનુભવ્યું છે એ શ્રીકૃષ્ણ 'પ્રેમનું શુદ્ધ સ્વરૂપ' છે, 'મૈત્રીનું પરમ રૂપ' છે. એનો પ્રેમ કદી વિભાજિત નથી થતો. શતધારે વરસે છે.

શ્રીકૃષ્ણ અંતરમાં જ છે. એને સાદ પાડવાની ઈચ્છા થાય તોયે એને 'સાક્ષાત્ સાદ' માની એ દોડ્યો આવે છે.

દેહનો સ્વીકાર કરી, દેહની પાર જાય એ શ્રીકૃષ્ણ. એની સાથેનો સ્થૂળ સંબંધ જપ, તપ, પૂજાપાઠનો ભલે સ્થપાય. એનો પણ એક મહિમા છે. પણ શ્રીકૃષ્ણ તો આ પહેલાં ને પછીની પ્રત્યેક ક્ષણે આપણી સાથે જ રહે છે.

શ્રીકૃષ્ણ કહે છે : 'માત્ર મારું નામ લ્યો. પછી જોઉં છું કે તમારું નામ કોણ લે છે?'

શ્રીકૃષ્ણ કેવળ પ્રેમ કરે છે, ક્યાંય લેખાંજોખાં નહીં. એટલે એ જ્યારે 'દાણ' માગે ત્યારે મન સંકોચી લેનારાં 'વરદાન' થી વંચિત રહી જાય છે.

**—સંકલન**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## તા. ૧૩ નવેમ્બર ૧૯૪૩

## (પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીનો પ્રાગટ્યદિન)

'કર્પૂરાની કમનીય, પવિત્ર ધરતી પર એક પાવન પળે, પરમ ધન્ય ક્ષણે, પ્રસન્નતાથી પુલકિત, પ્રેમપરિપ્લાવિત પાવન પદ્મ પ્રકટ્યું. એ પદ્મનો પરિમલ માનવજાત માટે મંગલમય બનવાનો હતો.'

—શ્રી યોગેશ્વરજી



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રી યોગેશ્વરકથામૃત | 'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨. | દિવ્યમાતા | સ્વામી વિવેકાનંદ | ૧૧ |
| ૩. | 'મા' સ્વરૂપાન્તરે મા શારદામણિદેવી ? | " | ૧૩ |
| ૪. | સર્વશ્રેષ્ઠ પ્રાર્થના | એક અભ્યાસ | ૧૫ |
| ૫. | હરિરસની હેલી | સંકલન | ૨૦ |
| ૬. | સ્નેહસ્વરૂપા 'મા' સર્વેશ્વરી | " | ૨૭ |
| ૭. | પૂજ્યશ્રી 'મા'ની સ્નેહસંનિધિ | " | ૩૨ |
| ૮. | 'મા' : આપણી અંતઃશક્તિ | વાર્તાલાપ | ૩૭ |
| ૯. | પૂજ્યશ્રી 'મા'નું અભય વચન | 'મા'ની સત્સંગ પ્રસાદી | ૪૦ |
| ૧૦. | પદપરિચય : 'મા'ના પ્રેમનો પ્રબળ ટંકાર | સંપાદન | ૪૩ |
| ૧૧. | પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરીનું સાહિત્યસર્જન | " | ૫૦ |
| ૧૨. | 'અમે તો ગુરુના ઘરમાં રમીએ' | સમીક્ષા | ૬૨ |

# નિવેદન : 'મા' વ્યક્તિ નહીં, સર્વોપરી ચેતના છે.

૧૩ નવેમ્બર, ૨૦૧૯ એટલે કેલેન્ડરકથિત-ઉદ્‌ઘાટિત આપણાં પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીનો ૭૭મો પુનિત પ્રાગટ્યદિન ! પૂજ્યશ્રી યોગેશ્વરજીએ સમષ્ટિને ધરેલ આ પ્રસાદનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કરી, ધન્ય બનીએ અને પ્રભુને પ્રાર્થીએ : 'હે પરમકૃપાળુ, અમારાં 'મા'ને નિરામય દીર્ઘાયુષ અર્પી, સદૈવ અમારી સંનિકટ રાખજો.' 'અમારા હરતા ફરતા હરિ અમારી મધ્યે જ રાખી, શ્રદ્ધા-ભક્તિથી નમાવી, અમને 'મા'ના સ્વ-રૂપમાં સમાવશો.'

આ મંગલ અવસરને વધાવતા જતા નત્ મસ્તકમાં સુધ રહે કે; 'મા' સ્વયં એક અવસર છે. એમને ચૂકવાં એ દુર્ભાગ્ય છે અને સાચે સ્વરૂપે ઉપલબ્ધ કરવાં એ સૌભાગ્ય છે.

કિન્તુ, 'મા' એટલાં સરળ અને સહજ છે કે, આપણી સાથે હોય ત્યારે આપણામાંના જ એક લાગે ! એમનાં પ્રેમ, કરુણા એવાં સર્વસુલભ હોય છે કે, મનુષ્યતાની સરહદ ક્યાં પૂરી થાય છે ને દિવ્યતાની સરહદ ક્યાં શરૂ થાય છે; એ જાણવું અશક્ય બને છે.

'મા' જગદંબા છે. સ્વયંસિદ્ધા છે. દિવ્ય-અલૌકિક શક્તિ છે. પરમાત્માની એક જીવંત ઊર્જા છે, જેમાં આપણા સર્વની ઊર્જા ઉજાગર કરવાની ક્ષમતા છે. છતાં એ પ્રદેશ આપણી સીમિત બુદ્ધિ માટે અગમ્ય રહેવા સર્જાયો છે, એ સ્વીકારી લઈ, આપણી પાસે જે 'હાથવગાં તથ્યો' છે, જેને સ્વયં 'મા'એ બહુ પ્રેમથી 'હૃદયવગાં' બનાવ્યાં છે; એ દ્વારા સત્ય સમજી, એ કેન્દ્રે 'મા'ને અધિષ્ઠિત કરી, એના પરિઘમાં રહી 'મા'ને ઓળખવાનો નમ્ર પ્રયત્ન કરી શકીએ.

પૂજ્ય 'મા'નું 'વ્યક્ત સ્વરૂપ'-'મૂર્તિમંત પ્રેમ;' જે આપણું



સર્વ પ્રકારનું કલ્યાણ સાધવા સક્ષમ છે. એ ઝીલવામાં ઊણા ન ઊતરીએ તો ય ભયો ભયો. પૂ.મા વારંવાર કહે છે : 'માને જ જુઓ' અર્થાત્ 'મા' ક્યાં હતાં ને ક્યાં છે ? કર્પૂરવનની એક નાનકડી બાલિકા સરોજ ક્યાં ? ને હજારોના હૃદયમાં પ્રતિષ્ઠિત 'મા' સર્વેશ્વરી ક્યાં ? આ એક જ પ્રમાણ એક દેહધારીમાં રહેલી અનંત શક્યતાઓનું એક આખું આકાશ આપણી સમક્ષ ખુલ્લું કરી દે છે. એ નીરખી-પારખી, આપણી સંભવિતતા જગાડવા કેમ ન મથીએ ? તેથી જ 'મા' 'તમે જ તમને મળો'નો અનુરોધ આપણને કરી રહે છે.

એક વાત તો સર્વવિદિત છે કે, 'મા' પહેલાં હતાં સરોજ-સરોજબેન. પૂજ્યશ્રીએ તેઓશ્રીને 'મા' સર્વેશ્વરીરૂપે ઓળખાવ્યાં. વર્ષો એ સ્વયં રહ્યાં કેવળ 'મા'. હવે એ એકાક્ષરી નામ પણ જાણે ઓગળી ગયું છે. રહ્યો છે કેવળ એક જ ધ્વનિ 'ૐ' ! શબ્દ નહીં, અક્ષર નહીં, રહ્યો કેવળ પ્રણવનો પર્યાય અનાહત નાદ 'ૐ' ! જે શૂન્યને ઉંબરે ઊભો છે.

આમ, પૂજ્ય શ્રી 'મા'નું સાંપ્રત અસ્તિત્વ એટલે 'અહમ્‌નું ૐ માં રૂપાંતર !' તેથી 'મા' કોઈ વ્યક્તિવિશેષ નહીં, ચૈતન્યસ્વરૂપ છે. એ તેઓશ્રીની હવે હર ક્ષણની સ્થિતિ-અનુભૂતિ છે. એ પ્રતીત કરવા આપણે સ્વયં આપણું ચૈતન્યતત્ત્વ જગાડવું જ રહ્યું.

નહીં તો કોણ કોને મળશે ? કેવી રીતે મળશે ? સ્થૂળ સૂક્ષ્મને કેવી રીતે પકડી શકશે ? નામરૂપમાં અટવાયેલ આપણે એ નામાતીત સ્પંદનને કેવી રીતે અનુભવી શકીશું ?

તો 'મા' સાથે જેટલી દેખીતી નિકટતા છે, એટલી જ કદાચ એનાથી વધારે દૂરતા-અલગતા છે, એ મીટાવવા આપણે પહેલાં તો આપણને જ મળવું પડશે. અર્થાત્ આત્મસ્વરૂપ થયા વિના છૂટકો નથી. સ્વયંને જે ક્ષણે પામીશું એ ક્ષણ જ પરમ પૂજ્ય 'મા'ને મળવાનું મંગલ મુહૂર્ત હશે. 'મા'ને ઓળખવા 'મા' થવું પડશે.

મનુષ્યનો જન્મ જ એ માટે થયો છે કે તન-મનની સીમાઓને પાર કરીને એ પોતાનામાં રહેલ 'અસીમ'ને પ્રગટ કરે. એ જ છે 'પ્રિયતમ પ્રભુ.' 'મા' જેને પોતાના 'પરમ સખા' તરીકે સંબોધે છે.

આમ, 'મા' જ્યારે પોતાના પિંડમાં રહેલી બ્રહ્માંડની શક્તિને પૂર્ણરૂપે પ્રગટ કરી ચૂક્યાં છે, પોતાની વ્યક્તિચેતનાને વિશ્વચેતના સાથે તદ્રૂપ કરી દીધી છે ત્યારે 'તદ્ દૂરે તદ્ અન્તિકે' કહી, અહોભાવ ધરી બે હાથ જોડી ઊભાં રહી જઈએ કે, એમની દિશામાં પા-પા-પગલી આરંભી દઈએ ? પસંદગી આપણા પર છે.

પણ, 'મા'કવિવર ટાગોરના શબ્દોમાં કહીએ તો-'મૃણ્મય સાજ પર વાગતું એક ચિન્મય સંગીત છે.' એ હકીકત નિઃશંક છે.

છતાં ઈશ્વરકૃપાથી પૂ.'મા' આપણી ચેતના સાથે 'સમરસ' છે, આપણા નાનાસરખા સ્પંદનને પણ એ ઓળખે છે. (શાસ્ત્રો કહે છે : 'આત્માને ઈશ્વર પાસે લઈ જવા જોઈતી 'આધ્યાત્મિક શક્તિ'ના ફક્ત ૨૫ ટકા પ્રયાસ શિષ્યના, ૨૫ ટકા ગુરુના આશીર્વાદ ને બાકીના ૫૦ ટકા ઈશ્વરની કૃપા વડે મળે છે.') પણ 'મા'નો નિર્વ્યાજ પ્રેમ જાણે કહે છે : 'તમારા ૨૫ ટકા પ્રયાસમાં 'મા' ૨૦ ટકા એના પ્રેમના ઉમેરી આપશે.' શું આ ૫ ટકાનો હિસ્સો ય આપણે પૂર્ણ કરવામાં ઊણા ઊતરીશું ?

પૂ.'મા'ના પ્રાગટ્યદિને એ પાંચ ટકાનો આપણો હિસ્સો પૂર્ણ કરવા સર્વ પ્રકારના પ્રયત્ન કરવાનું વચન તેઓશ્રીને ઉપહારરૂપે ધરીશું કે પરમ પ્રેમમયી 'મા'ની અસીમ પ્રેમસંપતથી શ્રીમંત હોવા છતાં અકિંચન બની ઊભા રહી જઈશું ?

આપણા સર્વનાં પરમ પ્રિય 'મા'નાં શ્રીચરણકમળમાં આપણા સર્વના કોટિ કોટિ પ્રણામ !



# ।। શ્રી યોગેશ્વર કથામૃત ।।

## દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૭૧

## તા. ૨૬-૧-૮૩, બુધવાર, મહા સુદ બારશ ૨૦૩૯

## કેપટાઉન

કેપટાઉન દરિયાકિનારે આવેલું છે. અહીં બે સમુદ્રોનો સંગમ થાય છે. એટલાન્ટિક મહાસાગર અને હિન્દી મહાસાગરને કિનારે કેપટાઉન વસેલું છે. છતાં આ શહેરની ફરતે પર્વતોની હારમાળા આવેલી છે. એ પર્વતોમાંના એક મોટા પર્વત ઉપર હવામાન સારું હોય તો આજે બપોરના સમયે ત્યાં જવું એવી યોજના છે.

પૂ.શ્રી સવારે ત્રણ વાગ્યે સ્નાન કરે છે. પછી વ્યાયામ કરે છે. સાડા ચાર વાગ્યે મને ઉઠાડે છે. હું સ્નાન કરી લઉં છું.

લેખનનો નિત્યક્રમ સાત વાગ્યે શરૂ થઈ જાય છે. પોણા અગિયારે ખીચડી ને શાક બનાવવા અમે રસોડામાં જઈએ છીએ. ભોજન સાથે પૂ.શ્રી દૂધ લે છે.

ભોજન બાદ દસેક મિનિટ બેઠક ખંડમાં બેઠાં. ત્યારબાદ ગાડીમાં બેઠાં.

જ્યાં ઉતારો છે તે વિસ્તારનું નામ રાયલૅન્ડ છે, જ્યાં હિન્દી ભાઈ-બહેનો વસે છે.

અમારી ગાડી દશ-પંદર મિનિટમાં શહેરમાં આવી ગઈ. મુખ્ય બજારોમાં સુંદર મોટી ઈમારતો જોવા મળી. પાર્લામેન્ટ હાઉસ જવાનો માર્ગ જ જોયો, કારણ કે ત્યાં કોઈને પણ જવા દેતા નથી. દૂર દૂર અંદરના ભાગમાં તે આવ્યું હશે. વળી, ત્યાં પ્રવેશ કરતાં જ એક મોટું ચર્ચ જોવા મળ્યું.

શહેરને પસાર કરીને પર્વતોની હરોળ પાસે પહોંચ્યાં, જ્યાં મોટું મેદાન હતું. ગાડી ઊભી રાખવાની જગ્યા હતી. સામેની મોટી ફૂટપાથ ઉપર માળા, પાકીટ, કાર્ડ વિગેરે મળતાં હતાં. ત્રણેક નાની દુકાનો હતી. ગાડીને પાર્ક કરીને અમે કેબલ-વે તરફ જવા માટે પગથિયાં ચઢ્યાં. ઉપરના ભાગમાં એક બારી હતી. જેમાંથી ત્રણ ત્રણ રેન્ડની વ્યક્તિ દીઠ ટિકિટો લીધી. દસેક મિનિટમાં તો રોપ-વેનું પાંજરા જેવું લોખંડનું સાધન આવી ગયું.

સામે જે પર્વત દેખાતો હતો તેનું નામ ટેબલ માઉન્ટન હતું. તે પર્વત જમીનથી એટલે કે અમારે જ્યાંથી બેસવાનું હતું ત્યાંથી ત્રણ હજાર પાંચસો ફૂટ ઊંચો હતો.

રોપ-વેનું એ સાધન ખુલ્લું હતું. એમાં ૨૮ માણસો જઈ શકે એવી સગવડ હતી. એમાં ગયાં ને તે ચાલુ થયું. જે માત્ર ચાર મિનિટ ને બે સેકન્ડમાં અમને ટેબલ માઉન્ટન ઉપર લઈ ગયું. ૧૯૨૯થી તેવાં સાધન અહીં વપરાય છે.

ત્યાં ઊતર્યાં તો સાચે જ દૂરથી ટેબલ જેવો દેખાતો આ પર્વત સપાટ ને ઘણો મોટો જોયો. તેમાં ઝાડપાન, રેસ્ટોરન્ટ, ટેબલો, નાનામોટા પથ્થરોની કુદરતી રચના વગેરે હતું. ખૂબ સરસ તડકો હતો, જેથી ત્યાં ફરી શક્યા. પવન સખત હતો. આ પર્વત ઉપરથી આખું કેપટાઉન દેખાતું હતું. દૃશ્ય ખૂબ જ સુંદર હતું. થોડી વાર ફર્યા પછી ફરીથી એ જ રીતે નીચે આવી ગયાં. નીચે આવ્યાં ત્યારે સંખ્યા ઘણી ઓછી હતી, જેથી બેસવાનું મળ્યું. નીચે આવીને પેલી દુકાનો પાસે જવાનું બન્યું. ખાસ કશું લેવા જેવું ન હતું. ફરી ગાડીમાં બેઠાં. દરિયાકિનારે પહાડી માર્ગે અમારી ગાડી આગળ ચાલી. માર્ગો પાકા ને પહોળા હતા. કુદરતી સૌંદર્ય-એક બાજુ પર્વતોની



હારમાળા, બીજી બાજુ દરિયાકિનારાનાં દૃશ્યો સરસ હતાં. દરિયા-કિનારાના એ પહાડી માર્ગે થઈને અમે ફરી શહેરના બીજા ભાગમાં પ્રવેશ કર્યો. ત્યાં, કેપટાઉનના જુદા જુદા વિસ્તારોમાં રેલ્વે જતી હતી તે જોવા મળી. રેલ્વે પણ દરિયાના કિનારે જ જતી હતી.

ટેબલ માઉન્ટનની સામે સિગ્નલ હીલ નામનો પર્વત પણ જોવા મળ્યો, જેનો આકાર મોટા શિવલિંગ જેવો હતો.

ઉતારા ઉપર આવતાં પહેલાં, અહીંનો ગુજરાતી સમાજ જ્યાં હૉલ, શાળા ને મંદિર બંધાવે છે તે સ્થાન જોવા ગયાં.

ઉતારા ઉપર આવીને બે કલાક આરામ કર્યો. પછી, સાત વાગ્યે ફળ લીધાં. પ્રવચન માટે પોણા આઠે ગાડીમાં નીકળ્યાં. પાંચ મિનિટમાં જ શિવાલયમ્ નામનું સ્થાન આવ્યું, જે તામિલ ભાઈઓનું હતું. ત્યાં શિવમંદિર ને હૉલ હતાં. હૉલ ગુજરાતી ભાઈઓએ ભાડે લીધો હતો.

હૉલમાં ખુરશીઓ હતી. મંચ ઉપર બે સોફા ગોઠવ્યા હતાં. ડરબનમાં બેઠકની જેવી ગોઠવણ હતી તેવી જ ગોઠવણ દરેક સ્થળે થતી હતી.

પ્રવચનની પહેલાં ડરબનથી આવેલા એક ભાઈએ એક ભજન ગવડાવ્યું. આજના પ્રવચનમાં પૂ.શ્રીએ શ્રોતાઓને ખૂબ ખૂબ હાસ્યરસ પીરસ્યો. જ્ઞાન સાથે ગમ્મત કરાવી. પ્રવચન બાદ બે ભજનો ગવડાવ્યાં.

સૌ છૂટાં પડ્યાં. અહીં ગુજરાતીઓની ત્રણસો ઘરોની વસ્તી છે. હૉલમાં શ્રોતાઓની સંખ્યા સારી હતી.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. દૂધ પીને આરામ કર્યો.

**—મા સર્વેશ્વરી**

# ॥ દિવ્ય માતા ॥

'માતા' નામ સૌથી મીઠું છે. ભારતમાં માતા એ સ્ત્રીત્વનો ઉચ્ચમાં ઉચ્ચ આદર્શ છે. જ્યારે ઈશ્વરની માતા તરીકે સ્નેહમૂર્તિ તરીકે ઉપાસના કરવામાં આવે છે ત્યારે હિંદુઓ તેને 'દક્ષિણ માર્ગ કહે છે; તે આધ્યાત્મિકતા તરફ લઈ જાય છે.'

માતા એ શક્તિનું પ્રથમ પ્રાગટ્ય છે. 'માતા'ના નામની સાથે જ શક્તિનો, દિવ્ય શક્તિનો, સર્વશક્તિમત્ત્વનો ખ્યાલ પેદા થાય છે. દિવ્ય માતા આપણામાં સુષુપ્ત રીતે રહેલી કુંડલિની છે. તેની ઉપાસના કર્યા વિના આપણે આપણા સ્વરૂપને ઓળખી શકીએ નહીં.

સર્વશક્તિમતી, કરુણામયી, સર્વવ્યાપી વગેરે બધા ગુણો દિવ્યમાના ગુણો છે. એ વિશ્વમાં રહેલી સમગ્ર શક્તિનો કુલ સરવાળો છે. વિશ્વમાં શક્તિની દરેક અભિવ્યક્તિ 'મા' છે. તે જીવન છે, લાગણી છે, બુદ્ધિ છે, પ્રેમ છે. તે વિશ્વમાં છે, છતાં તેનાથી અલગ છે.

તે એક વ્યક્તિ છે અને જેમ શ્રીરામકૃષ્ણે તેને જોઈ હતી, જાણી હતી તેમ તેને જોઈ શકાય છે. જાણી શકાય છે. માની ભાવના મનમાં દૃઢ થયા પછી આપણે બધું જ કરી શકીએ; પ્રાર્થનાનો એ તરત ઉત્તર આપે છે.

તે આપણને ગમે તે રૂપમાં, ગમે તે પળે 'પોતાનાં દર્શન' આપી શકે છે. દિવ્ય માને રૂપ અને નામ હોય અગર રૂપ વિના પણ નામ હોય જેમ જેમ આપણે તેની આ વિવિધ સ્વરૂપે



ઉપાસના કરીએ તેમ તેમ આપણે નામરૂપરહિત શુદ્ધ સત્ વસ્તુ તરફ ઊંચે ચડી શકીએ.

શરીરના સર્વ કોશોનો સરવાળો એક વ્યક્તિ. પ્રત્યેક જીવાત્મા એક કોશ જેવો છે તેનો સરવાળો તે ઈશ્વર અને તેનાથી પર છે નિર્વિશેષ બ્રહ્મ. સાગરની તરંગરહિત અવસ્થા જ્યારે તરંગમય બને ત્યારે કહેવાય દિવ્યમાતા.

માતા જ દેશ, કાળ અને નિમિત્ત છે. ઈશ્વર માતા છે, તેની બે અવસ્થા છે : સગુણ અને નિર્ગુણ. સગુણરૂપે તે ઈશ્વર, જીવ અને જગત છે, નિર્ગુણરૂપે તે અજ્ઞાત અને અજ્ઞેય છે.

જગન્માતાનું એક બિંદુ હતું કૃષ્ણ, બીજું એક બિંદુ બુદ્ધ હતું, અન્ય એક ઈશુ હતું.

આપણી ભૌતિક માતામાં રહેલી જગન્માતાના માત્ર એક પ્રકાશઅંશની ભક્તિ પણ ગૌરવ પ્રાપ્ત કરાવે છે તો પ્રેમ અને જ્ઞાન મેળવવા જગદંબાની ભક્તિ કરો.

**–સ્વામી વિવેકાનંદ**

'તમે અંધારા સાથે તાદાત્મ્ય કરી રાખ્યું છે કે 'હું અંધારું છું. તમે માની લીધું છે કે તમે અજ્ઞાની છો, ભટકી ગયા છો, પાપી છો.' આ માન્યતાઓ છે. જે દિવસે એ તૂટશે એ દિવસે તમે જાણશો કે તમે ચૈતન્યપ્રકાશ છો. હંમેશ નિત્ય જલતા પ્રકાશ છો. ક્ષણભર પણ તમે અંધકાર નહોતા. અંધકાર તમે થઈ પણ ન શકો.'

## ॥ 'મા' સ્વરૂપાન્તરે મા શારદામણિદેવી ? ॥

ભારતીય નારીની વિશેષતા છે : તપશ્ચર્યા, અને તેનું તપસ્વિની રૂપ. શ્રી મા શારદામણિદેવી કહે છે : 'દુ:ખ શું કહેવાય તે જીવનમાં કદી સમજાયું જ નહીં.' અર્થાત્ તપશ્ચર્યા કષ્ટદાયી હોય તો ય પરમાનંદ જ ફળસ્વરૂપે મળે છે.

સતીત્વ અને પૂર્ણ માતૃત્વ ભારતીય નારીનો આદર્શ છે. ચંડીપાઠમાં ઋષિ કહે છે :

'યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા:'

મનુસ્મૃતિમાં 'યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા: કહ્યું છે; શ્રી રામકૃષ્ણે કહ્યું છે : માતૃભાવ અંતિમ અવસ્થા છે.' માતૃભાવનો મહિમા, ગૌરવ અને માધુર્યપ્રકાશ 'મા' શીખવે છે. આ માતૃભાવ જ વિશ્વની સમસ્ત સમસ્યાઓનું સમાધાન કરી શકે.

દાર્શનિક દૃષ્ટિએ તો 'ખરો સ્વાધીન અને સ્વતંત્ર તો એ જ જે અંત:પ્રકૃતિ અને બાહ્ય પ્રકૃતિને કાબૂમાં રાખી શકે.' અલબત્ત, દેશકાળ પ્રમાણે પૂર્ણ સ્વાધીનતા સાપેક્ષ રહે છે. જીવનમુક્તિ જ પૂર્ણ સ્વાધીનતા, જે પામવા તપસ્યા કરવી પડે.

તપસ્યા કરવા જતાં પહેલાં આદર્શ પ્રતિ સચેત થવું પડે એ માટે આદર્શ શિક્ષણની જરૂર પડે. શ્રીમાએ ગૌરીમાને કહેલું 'ગૌરી, તમે બધી સ્ત્રીઓને સમજાવી દો કે તેઓએ કેવળ રસોડામાં કેળાવડાં વગેરે વ્યંજન બનાવવા જ જન્મ નથી લીધો.'

મૈત્રેયીની જેમ વિચારવું કે, યેનાહમનામૃત્યસ્યામ્ કિમહમ્ તેન કુર્યામ્ ?-જેનાથી અમૃતત્ત્વ પ્રાપ્ત ન થાય તે ભૌતિક વસ્તુને લઈને શું કરું ?

એક નારી તરીકે આટલી બધી ઉદારતા, પવિત્રતા, કરુણા, સહનશીલતા, ક્ષમા, અપાર સ્નેહ 'મા'માં જ સંભવી શકે.

શ્રીમાએ પતિ પાસે કોઈ અધિકાર ન માગ્યો. માત્ર સેવા કરવાનો અધિકાર પોતાનો ગણ્યો અને ઠાકુરને ઈષ્ટદેવ માનીને



પૂજા કરી. ઠાકુરને પણ સંતાનભાવે જોતાં. વિવેકાનંદે કહેલું 'જેમનું ચારિત્ર્ય પવિત્ર ને જીવન પવિત્ર તે પવિત્રતાસ્વરૂપિણી દેવીને વારંવાર પ્રણમું છું.' એ પવિત્ર, પવિત્રતાનું સાક્ષાત્ રૂપ વિશ્વજનની છે. શ્રી મા કહેતાં 'હું સતની મા, અસતની પણ મા, શરત મારો દીકરો. અમજદ પણ મારો દીકરો !'

ઠાકુરે રોપેલા બીજનું સિંચન કર્યું વિવેકાનંદે તો માતાજીએ સંઘરૂપી વટવૃક્ષનું રક્ષણ કર્યું. ધારક અને વાહક બની ! 'શ્રી રામકૃષ્ણની ઈચ્છા-' આપણે તેમના જેવા થઈએ. એનું સાંનિધ્ય આપણને પવિત્ર બનાવે છે. એમ કહી કાર્યશીલ રહ્યાં.

શ્રી મા ભારતનો જ નહીં, આખા વિશ્વની નારીનો આદર્શ છે. તમે સીતા, સાવિત્રી, વિષ્ણુપ્રિયા, રાધારાણી વગેરેની વાતો સાંભળો છો પણ 'મા' તો આ બધાં કરતાં ય કેટલા ઊંચે આસને બિરાજમાન !

લેશમાત્ર ઐશ્વર્ય ઝંખ્યું નહીં. કેવળ મહાશક્તિ ! જય જય 'મા' કહેતાં કેટલા લોકો દોડી આવે છે ! જે વિષ પોતે હજમ નથી કરી શકતાં તે બધું મા પાસે મોકલી આપે છે. મા બધાંને ખોળામાં લઈ લે છે. અનંત શક્તિ ! અપાર કરુણા !

'વનનું વેદાંત ઘરમાં લઈ જવું' શ્રીમાનું જીવન આ ભાવનું મૂર્ત-વાસ્તવિક સ્વરૂપ ! સમાજના તમામ સ્તરના લોકો એમની કરૂણાથી વંચિત નથી.

આત્યંતિક દુ:ખનિવૃત્તિ અને પરમાનંદપ્રાપ્તિ જે જીવનમુક્તની અવસ્થા, આપણી તો કલ્પના બહારની છે, તેનું માનું જીવન જાજવલ્યમાન દૃષ્ટાંત છે.

માતાજીને સમજવા તપસ્યા-પવિત્રતા હોવાં જોઈએ. પોતાના કલ્યાણ માટે તો ખરું જ પણ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે ભારત કટિબદ્ધ થશે એમાં પોતાની અંતર્નિહિત ચેતનાને જાગૃત કરી, આધ્યાત્મિક ચેતનાને વિસ્તારતી આવી 'નારીગરિમા' જોઈશે.

**—સ્વામી વિવેકાનંદ**

# ॥ સર્વશ્રેષ્ઠ પ્રાર્થના ॥

**('વરદ હસ્ત પ્રભુ તમારો સદાયે રહેજો જીવનસહારો')**

પ્રાર્થનાનો કોશગત અર્થ 'માગણી' છે. પણ પ્રભુ પાસે કંઈ માગવા જતાં પહેલાં પ્રભુની, સમગ્ર સૃષ્ટિના સ્વામીની ગરિમા અકબંધ રહે; અને પોતે પણ દીન-લાચાર-અવશ થવાને બદલે કેવળ 'લીન'-પ્રભુમય રહી પ્રભુ સમક્ષ હૃદયનિવેદન કરે તો એ પ્રાર્થના પ્રગટ થતાં જ પૂરી થઈ જાય. કારણ કે ભક્તની એવી પ્રાર્થના સ્વયં પ્રભુપ્રાપ્તિનું ખુલ્લું દ્વાર છે.

પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીરચિત પ્રાર્થના 'વરદ હસ્ત...' આનું શ્રેષ્ઠ પ્રમાણ છે. 'મા' અત્યંત સહજ રીતે 'વરદ હસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવનસહારો' કહી વિરમે છે. પ્રભુનો વરદ હસ્ત સમગ્ર સૃષ્ટિ માથે હોય છે જ, ત્યાંથી ખસેડીને-ઊંચકીને પોતાના મસ્તકે સ્થાપવાનો કોઈ આગ્રહ નથી. માત્ર એ સદાયે (પોતાનો) સૂક્ષ્મ જીવનસહારો રહે, એવી નમ્રાતિનમ્ર પ્રાર્થના કરે છે. (પ્રભુનું હોવાપણું સાબિત નથી કરવાનું, ભક્ત પોતે એને સદૈવ પોતાનો આધાર ગણી એને કેન્દ્રમાં સ્થાપે એ જરૂરી છે.)

પ્રભુ પોતાના જીવનમાં ઊતરી આવે. એવો દુરાગ્રહ નથી. એ જ્યાં હોય ત્યાંથી એનાં કૃપાકિરણ પોતાનું અંતર અજવાળવા મોકલી આપે. કેમકે પોતાનાં રાગ-દ્વેષ-કામ-ક્રોધ હટાવવાનું કપરું કાર્ય એણે જ તો કરવાનું છે. તો જ જીવન ન્યારું બની શકશે. મારું જ નહીં, મારા જેવા અનેક જીવોનું કલ્યાણ કરવા પ્રભુ જ સક્ષમ છે, એ નિર્દેશ 'અમારું' શબ્દ દ્વારા કહી, અંગત ઊર્મિજન્ય ભાવ-સંવેદનને સાર્વત્રિક પરિમાણ બક્ષ્યું છે.



હૃદય અન્ય કંઈ કેટલાય પાપ-દુરિત તત્ત્વો, આધિ-વ્યાધિ-ઉપાધિ જેવા ત્રિવિધ તાપ-અનેકાનેક ક્લેશો-કષાયોથી મલિન છે, એ સર્વ કાપી, નિર્મલ હૃદયમાં જ્યોતિ જગવવા પ્રભુને વિનમ્ર અનુરોધ છે; જેથી પ્રભુના ચરણકમળમાં પાવન જીવન સમર્પવા અધિકારી બનાય.

અને જો પ્રભુને સમર્પવા જેવું માનવજીવન પવિત્ર બની શકે તો દિવ્યતા દૂર રહેતી નથી. એ દિવ્ય સ્વરૂપનાં (માત્ર 'પ્રભુનું જ નહીં,' પોતાના 'ભીતરનું' પણ) દર્શન માટેનાં શ્રદ્ધા-ભક્તિ હે સ્વામી, ધરી દો.

અને છેલ્લે, પ્રભુને કૃપાવર્ષા નેહથી વરસાવવા વીનવે છે.

કાવ્યના આરંભમાં 'કૃપાકિરણ'ની માગણી હતી, કાવ્યાન્તે 'કૃપાની વર્ષા'ના નેહભર્યા વર્ષણની ઈચ્છામાં રૂપાંતરિત થાય છે.

કારણ એક જ ! સરિતા સાગરને પામે-પામી શકે. ભક્તિનું આરંભબિંદુ ગમે તે હોય, પણ એનું પ્રસ્થાન-ગન્તવ્ય નક્કી છે; અને તે છે-'સર્વસમર્પણ.'

આમ, 'વરદ હસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવનસહારો.' પ્રાર્થનામાં અત્યંત કોમળ-સુકુમાર-સહજ વિનમ્ર ભાવની સળંગ-સાતત્યભરી અભિવ્યક્તિ છે એ બાહ્ય સ્તરે છે પણ આંતરિક સ્તરે ભીતર પોતાની સર્વ કષાયો-કિલમિષો ટાળી, સ્વચ્છ, નિર્મલ, પવિત્ર, દિવ્ય સ્વરૂપનાં દર્શન કરી, પ્રભુપ્રેમની પરિપૂર્ણતાથી, જાતને પ્રભુમાં જ મેળવી દઈ કૃતાર્થ થઈ જવાની છલોછલ અભીપ્સા છે.

પ્રભુના વરદ હસ્તને પોતાનો સદાયનો જીવનસહારો બનાવવા ચાહતા ભક્તહૃદયથી સર્વ માનવસહજ નિર્બળતાઓ-અધૂરપો-મર્યાદાઓમાંથી છૂટી, પોતાનામાં રહેલી દિવ્યતા પિછાની, પોતાને સંપૂર્ણ પ્રભુમય કરવા પ્રભુ સાથે ભળી જવા, પ્રભુતત્ત્વ સાથે એકરૂપ થઈ જવા, સર્વસમર્પણથી સાર્થક થઈ જવા; પ્રભુકૃપાને જ નમ્રાતિનમ્ર નિવેદન થઈ જાય છે.

પરિણામે 'વરદ હસ્ત'ની પ્રાર્થના કરતાં-કરતાં ભક્ત સ્વયં જ પ્રાર્થનારૂપ થઈ જાય છે. કહ્યું છે ને ?

'I prayed so much that I turned into a prayer.'

(આમ પૂજ્યશ્રી'મા' રચિત 'વરદ હસ્ત' પ્રાર્થના એવી અર્થપૂર્ણ ઘટના છે કે, શરૂઆત થતાં જ એની ચિનગારી પ્રજ્વલિત બની, આખા જંગલને આગ લગાડી દે છે. હૃદય સહેજે સમર્પિત થઈ જાય છે. નદી જ્યાં સુધી સાગરને મળશે નહીં ત્યાં સુધી રોકાશે નહીં, અટકશે નહીં, એનાં એંધાણ એમાં મળી જાય છે.)

પૂજ્યશ્રી'મા'ની આ પ્રાર્થના સ્વયં એક પરિપૂર્ણ ઘટના છે. એની 'કેટલીક વિશેષતાઓ' એને 'વિશ્વની ટોચની પ્રાર્થના'ની હરોળમાં મૂકી દે છે :

૧. જ્યાં પ્રાર્થના છે ત્યાં પ્રભુ છે એટલું જ નહીં જ્યાં પ્રભુ છે ત્યાં આ પ્રાર્થના છે.

૨. આવી હૃદયમાંથી સીધી આવિર્ભૂત થતી પ્રાર્થના પ્રગટ થતાં જ પૂરી થઈ જાય છે, પ્રાર્થનામાં જ પૂર્ણતા છુપાયેલી છે. પ્રાર્થના હાથ લાગી જાય તો પ્રભુ તત્કાળ મળી જ જાય.



૩. આ પ્રાર્થના 'મા'ના નિજત્વમાંથી નીપજેલી છે. આ 'મા'નો 'પોતીકો-હાર્દિક' શબ્દ છે. કોઈની ઉધાર-ઉછીની-વાસી પ્રાર્થના નથી. કોઈ રટાયેલું સૂત્ર અહીં દોહરાયું નથી.

૪. આ પ્રાર્થના 'નિત્ય વહેતા પ્રવાહ' જેવી તરોતાજા છે.

૫. આ પ્રાર્થનામાં જ પ્રભુના આગમનનો પદધ્વનિ સંભળાય છે.

૬. પ્રાર્થનામાં પ્રભુને કહેવાનું જ જરૂરી નથી, વધારે જરૂરી પ્રભુને સાંભળવાનું છે; (પણ એ આખીયે પ્રક્રિયા સૂક્ષ્મ, રહસ્યમય છે.)

૭. પ્રભુને મળવા-મળી રહેવા પ્રભુ જેવા બનવું પડે, સર્વસ્વ વિલીન કરી દેવું પડે. 'મટો તો જ મળે.'

૮. ઉત્તમ કાવ્યમાં 'કથિત' (said) કરતાં 'અકથિત' (unsaid)નો મહિમા વધારે હોય. પૂ.'મા'ની આ પ્રાર્થનામાં આ વાત મુગ્ધ કરી દે એવી છે. જેમકે, 'સદાય રહેજો જીવનસહારો' અર્થાત્ સર્વ જીવો પર હોય છે એમ આ જીવ પર પણ સહજ રહેજો. ('રાખજો' એવો આગ્રહ નથી.) કોનો જીવનસહારો ? (મારો જ નહીં, જીવમાત્રનો) એ પણ અધ્યાહાર રાખી, સાચી પ્રાર્થના 'સ્વ' માટે નહીં 'સર્વસ્વ' માટે હોય એનો સંકેત છે.

અંતર અજવાળવા (પ્રભુના કરકમળને તકલીફ આપવાની ધૃષ્ટતા ભક્ત ન કરે) પણ એમાંથી પ્રસ્ફુટિત કૃપાકિરણની જેમ સ્વાભાવિક રીતે અમ તરફ પ્રસારજો એવી નમ્રાતિનમ્ર અરજ છે.

પાપ-ત્રિતાપ ક્લેશ (દૂર કરજો એમ ન કહેતાં,) કપાઈ જાય, એનો ધ્વંસ થઈ જાય. નિર્મૂળ થઈ જાય, એવી ઉત્કટતતા મૂર્ત થઈ છે. 'અનુગ્રહ નહીં નિગ્રહ કૃપા', (કઠોર કૃપા) માટે ભક્ત તૈયાર છે.

પ્રભુના દિવ્યરૂપનાં દર્શન જ નહીં, સાથે સાથે પોતાની ભીતર વસેલા પ્રભુના દિવ્યદર્શનનો પણ સંકેત ('પ્રભુના' શબ્દ અધ્યાહાર રાખી) સૂચવી દીધો છે, સરિતા સાગરને પામી રહે કલ્પન દ્વારા પોતાની પ્રભુમાં ભળી જવાની ઈચ્છાને સ્ફુટ કરી છે.

પ્રાર્થના પૂર્ણાહુતિએ પહોંચતાં પ્રાર્થનાનો મૂળ અર્થ માગણી 'લાગણી'-'નિતાન્ત લાગણી'માં પરિવર્તિત થઈ જાય છે. એટલું જ નહીં, પ્રભુ પાસે કંઈ મેળવવા જતાં, સ્વયંનું સર્વસ્વ સમર્પિત કરી દેવાનો ભાવ સર્વોપરી બની રહે છે. સૌથી વિશેષ તો જીવનના સહારા-આધાર-આશ્રય તો અન્ય પણ મળે પણ એ બધા તકલાદી, નશ્વર હોય, એટલે જીવનસહારો પ્રભુના હસ્તનો જ લેવો કેમકે 'તે હંમેશ વરદ-વરદાયી-શુભદાયી' હોય છે; આ સમજણમાંથી પાંગરેલું આ પદ અદ્‌ભુત, અનન્ય છે.

આખા કાવ્યમાં ક્યાંય આગ્રહ, અભિનિવેશ, ઉદ્રેક, આવેશ નહીં, કેવળ નમ્ર-વિનમ્ર, ભાવભર્યો અનુરોધ અને દિવ્ય સ્વરૂપને પામવા સ્વયં દિવ્યસ્વરૂપ થવું પડે, એ સમજણને સમાંતરે પ્રભુ સાથે એકરૂપ થઈ જવા નિઃશેષ સમર્પણ કરવાની તત્પરતા. જે કેવળ પ્રભુકૃપાથી જ સિદ્ધ થાય. 'એ નિર્વિવાદ સત્યની' પ્રતિષ્ઠા કરતું આ કાવ્ય ખરેખર, 'મા' સર્વેશ્વરીનાં જ નહીં, સમગ્ર પ્રાર્થના કાવ્યોમાં શ્રેષ્ઠતમ ગણાય એવી રચના છે.

**—એક અભ્યાસ**



# ॥ હરિરસની હેલી ॥

[પરમ વંદનીય શ્રીયોગેશ્વરજીની સંકલ્પસૃષ્ટિ 'સ્વર્ગારોહણ'માં ૨૦૧૬ના જાન્યુઆરીમાં પૂજ્યશ્રી'મા' રચિત મધુમય પદોને મધુર ગીત-સંગીતથી મઢી લઈ, શ્રી દેવાંગભાઈ દેસાઈએ એવી આહ્‌લાદમય સૃષ્ટિ સર્જી દીધી કે, શ્રી જ્યોત્સ્નાબેને એ પ્રસન્નતાની અનુભૂતિને અત્યંત ઔચિત્યપૂર્ણ રીતે 'હરિરસની હેલી' કહી વધાવી. પૂજ્યશ્રી'મા'એ એ દિવ્યાતિદિવ્ય ક્ષણોને પોંખવા પ્રેમાનુગ્રહ કર્યો; એમાંથી પ્રસૃત થયો પ્રસ્તુત લેખ !]

પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરીની સમગ્ર કાવ્યસૃષ્ટિનો મહિમા દર્શાવવા એક જ વાક્ય પર્યાપ્ત છે : 'અમન્ત્રમ્ અક્ષરમ્ નાસ્તિ' અર્થાત્ આમાંનો એક પણ અક્ષર અમંત્ર નથી; પ્રત્યેક અક્ષર મંત્રશક્તિથી સભર છે.

કાવ્યની સંક્ષિપ્ત વ્યાખ્યા છે : 'શબ્દાર્થો સહિતૌ કાવ્યમ્' પણ 'મા' રચિત કાવ્યોમાં શબ્દ અર્થ જ નહીં, મર્મનો પણ અનોખો મહિમા છે.

પૂ.'મા' સર્વેશ્વરીનાં પદોનો અભ્યાસ કરતાં જણાય છે : આપણા કાવ્યશાસ્ત્રીઓએ કાવ્યને 'નવરસરુચિરા સૃષ્ટિ' ગણાવી, દસમા રસ તરીકે શાંતનો ઉલ્લેખ કર્યો છે. જ્યારે અહીં અગિયારમો રસ 'હરિરસ' છે. એની છોળો છે. કારણ કે આ 'કવિવાણી' જ નહીં, 'સંતકવિવાણી' છે, જેનો એકમાત્ર રસ 'હરિ' છે. બધા નમસ્કાર 'કેશવમ્ પ્રતિ ગચ્છતિ' એમ કાવ્યોના બધા ભાવો-રસો હરિરસમાં દ્રવીભૂત થઈ જાય છે.

પૂ.'મા'ની કલમ નિઃશેષ સમર્પણની શાહીમાં ઝબકોળાયેલી 'પ્રેમકલમ' છે, 'પહલે મૈં થા તબ હરિ નહીં થા, અબ હરિ હી હૈ, મૈં નહીં.' એ ભાવની આ 'કમાલ' છે. સર્વ રચનાઓમાં 'હરિવર મુજને હરી ગયો' એ ભાવ શિરમોર છે.

બીજા બધા રસ રેલાઈ-રેલાઈને વીરમી જાય. આ 'હરિરસ' સતત, અનવરત, અસ્ખલિત વહે છે, 'હેલી' સર્જવી એ એનો ધર્મ છે, એનું ગુણલક્ષણ છે. 'હેલી' એનો સ્વ-ભાવ છે, સ્વ-રૂપ છે.

વરસવું અને અટકી જવું એના શીલમાં જ નથી. 'સતતતા' એ જ એનો પરિચય છે. કારણ કે એ 'બિનશરતી' છે. એની કોઈ ચોક્કસ મોસમ નથી, એના નિર્ણિત મહિના-માસ નથી; એ 'બારમાસી' છે.

આઠે પહોર, 'રાત-દિવસ પ્રત્યેક ક્ષણ અનરાધાર વરસતો રહે એ જ હરિરસ !'

એ કોઈ નક્કર, સખત પદાર્થ નથી કે એને કોરવો પડે, એ 'પ્રવાહી' છે, જે વહ્યા જ કરે, વરસ્યા જ કરે.

સ્થિત ન રહે, જડ ન રહે, સદા ગતિવંત, સ્ફૂર્તિવંત રહે. ચૈતન્ય છલકતું રહે, મલકતું રહે, નિત્ય શાન્ત-પ્રસન્ન ! તો પ્રશ્ન થાય કોને માટે ? 'નિજાનંદ' માટે ! પોતાની મસ્તીમાં આ રૂપ હંમેશ મ્હાલે.

પણ એનામાં 'બીજાનંદ' બનવાની પણ ક્ષમતા !

પોતે તૃપ્ત રહી અન્યનેય સંતૃપ્તિ ધરે. શાન્તિ ધરે, શીતળતા ધરે, પ્રસન્નતા ધરે.



આ 'હરિરસ' એટલે ઈશ્વરની કૃપા-કરુણા-અનુગ્રહ-પ્રેમ.

જે પવિત્ર હોય, શુભ હોય, સત્યમ્-શિવમ્-સુન્દરમ્ હોય; એના સંપર્કમાં આવનાર સર્વને પણ એ આ સત્ત્વથી પ્રક્ષાલિત કરી દે.

આ 'સતતવાહી કૃપા' હરિની, જે પામવા-તપવું-જપવું ન પડે, પ્રાર્થવું ન પડે, એ તો હોય જ છે, અનવરત હોય છે. અટકવું-રોકાઈ જવું, મુલત્વી રાખવું, રાહ જોવડાવવી, એના સ્વભાવમાં મૂળમાં જ નથી.

તો 'હરિરસની હેલી' તો છે જ પ્રત્યક્ષ, સાક્ષાત્, સંમુખ જ નહીં, ચોતરફ !

વ્યષ્ટિને જ નહીં, સમષ્ટિને વ્યાપમાં લેતી !

એ હેલી આપણને ભીંજવ્યા વગર થોડી રહેવાની ?

પણ આપણે રેઈનકોટ, છત્રી, છાપરાની પળોજળમાં પડ્યા, ઈંટ-સિમેન્ટના રક્ષાગૃહમાં રહ્યા તો એ હેલી વરસતી રહેશે ને આપણે રહી જઈશું કોરાધાકોર !

એક કવિ કહે છે ને કે, 'આસમાનથી ઈનાયત વરસવાની વાત છે ને પલળી જઈશ એ ભયથી હું શોધું છું છાપરું !'

જાત સાથે આપણે કેવો 'સસ્તો સોદો' કરી લઈએ છે ?

'શાશ્વતી' આપણા સુધી પહોંચવા તૈયાર છે આપણે આશ્રય લઈએ છીએ ક્ષણિકતાનો-નશ્વરતાનો !

પરમાત્માની અસ્ખલિત વરસતી પ્રેમધારામાં ભીંજાઈ જવું, તરબોળ થઈ જવું, બસ એ જ આત્માનું એકમાત્ર 'સહજ કર્મ'

'સીધું લક્ષ્ય' હોવું જોઈએ. ત્યારે આત્મા એ ત્યજી-ચૂકી 'આવરણો'માં અટવાય છે.

સૂક્ષ્મ-સનાતન સત્યને અવગણી સ્થૂળ-ભૌતિક-પ્રાપ્તિઓમાં જનમારો પૂરો કરે છે.

વિનામૂલ્યે મળતું અઢળક અઢળકસંપત્તિનું ઐશ્વર્ય માણવાને બદલે માણસ ક્ષુલ્લક પ્રાપ્તિઓના સપાટી પરના આનંદ ને સુખો માટે જીવનભર ફાંફાં મારે છે.

રાજમાર્ગ-ફૂલોથી બિછાવેલા પ્રભુમાર્ગને છોડી, કંટકોનો આશ્રય લે અને પછી પ્રભુને પ્રાર્થે કે, 'મારા જીવનબાગનું પુષ્પ બનીને આવો.'

અસ્ખલિત વહેતી જલધારાઓ ઝીલવાને બદલે ખુલ્લી આંખે નિહાળવાને બદલે બંધ આંખે પ્રાર્થીએ : 'જીવન જવ સૂકાઈ જાય કરુણાવર્ષન્તા આવો.'

જે આખું 'ઉપવન' લઈને આવે એને પિછાન્યા વિના, એની પાસે 'ફૂલ' ધરીને 'કૃપાફૂલ' માગીએ છીએ ! આ કેવી હરિની વિડંબના ! કેવો જાતનો ઉપહાસ !

'હરિરસની હેલી' ડાળીએ-ડાળીએ ફૂલો-ફળોથી લચેલું ઉપવન-ઉધાન અને આપણે 'ફ્લાવરવાઝમાં સજાવેલાં ફૂલો'થી રાજી થઈ જઈએ. આખું ઉપવન ઉત્સુક છે આપણને વધાવવા, આપણા સ્વાગત માટે બેચેન છે, આપણા સ્વીકાર માટે આતુર છે અને આપણે 'કૃત્રિમ ઉપકરણો' થી સમાધાન કરી લઈએ છીએ !

હરિરસ આપણી સર્વેન્દ્રિયોને 'સામટી શાતા' આપવા ચાહે



છે અને આપણે ઈન્દ્રિયોને તૃપ્ત કરવા અહીં-તહીં વલખાં મારીએ છીએ. ભટકીએ છીએ.

આપણા 'તન-મન'ની આળપંપાળમાં આપણે કેદ રહી જઈએ છીએ અને આપણા આત્મતત્ત્વને પોંખવા વરસતી જ નહીં, તરસતી 'હરિરસની હેલી' બહારની બહાર જ રહી જાય છે.

પ્રકૃતિ આત્મસમર્પણ કરે છે પણ લૂંટારાઓની આગળ જ ! આપણને લહાણ, મુક્ત લહાણ લૂંટતાં આવડતું નથી, ફાવતું નથી. ને આપણે ઘૂંટણિયે પડીએ છીએ, કાકલૂદી કરીએ છીએ બે હાથ-બે પગધારી મનુષ્યો સામે ! (હજાર હાથવાળો આપણને ન્યાલ કરવા હાજરાહજૂર છે એની ઉપસ્થિતિ લક્ષ્યમાં લેતા નથી.)

'હરિરસની હેલી' સહજ, સ્વાભાવિક સતત વહેતી પ્રેમધારા-અમૃતધારા છે; એની એક છાલક, એનો એક છાંટાનો જો આપણે આસ્વાદ-અનુભૂતિ પામી લઈએ તો પછી બીજા બધા રસ 'ફીકાફચ' લાગશે, એટલું જ નહીં, એની મંગલતાથી જીવન ધન્ય-ધન્ય બનશે.

'હરિરસની હેલી'માં 'હા' ના વર્ણાનુપ્રાસની રમ્યતા જ નથી, 'ઈ'ના અંત્યાનુપ્રાસની ભવ્યતા જ નથી, સાત અક્ષરો-બે શબ્દોની ચમત્કૃતિની ઝંકૃતિ જ નથી, એનો અર્થ આ 'હેલી હરિરસની' છે, જે કાદવ-કીચડ કરી ચાલી જાય એ ચોમાસાની વાત નથી; કોઈ મુલકમાં ઓછો કે કોઈ મુલકમાં વધારે, અલ્પવૃષ્ટિ-અતિવૃષ્ટિની વાત નથી, ક્યાંય કશું અશુભ-

અમંગળ-અસુખકારીનો અણસાર પણ ન આવે એવી 'સર્વમંગલકારી આ પ્રભુયોજના' મનુષ્યમાત્ર માટે, જીવમાત્ર માટે છે, 'સંવેદનછલોછલ' કરુણાસભર આયોજન સ્વયં પ્રભુનું વરદાન-અભયદાન પ્રભુ પોતે પ્રગટ્યા છે રસની હેલી-સ્વરૂપે !

આ હરિનો રસ છે, હરિનો interest છે, હરિને શું ગમે છે ? 'અનરાધાર વરસવું.'

'હરિનો રસ' એનું સ્વરૂપ આ છે. વળી 'હરિને રસ છે-આનંદ છે, ગમતી વાત છે-એકમાત્ર સતત વરસતા રહેવાની ધૂન !'

મનુષ્યો એ પ્રેમના ઊંડાણ-સૂક્ષ્મતા અનન્યતાને પામી ન શકે.

હરિરસના ઔદાર્યને, વિશાળતાને, એના ચૈતન્યસંસ્પર્શને ઓળખી ન શકે, પારખી ન શકે, અવગત ન કરી શકે; તો એ મનુષ્ય કમભાગી !

કોઈક 'સદ્ભાગી' જ પિછાની-પામી શકે, ધન્ય થઈ શકે.

આપણને રસ છે-કીર્તિ, દ્રવ્યના ખણખણાટમાં. ક્ષણજીવી સુખોની પ્રાપ્તિમાં. 'બહારની વ્યાપ્તિ'માં ! અંતરાત્માની 'સૂક્ષ્મ પ્રાપ્તિ'માં રસ નથી.

હરિને રસ છે, આપણામાં પૂરેપૂરો. પણ આપણને રસ છે-હરિ સિવાયના અન્ય પદાર્થોમાં !

અખંડ અવિનાશી તત્ત્વ આપણી પ્રતીક્ષામાં છે, હેલી આતુર છે આપણને પખાળવા પણ આપણે આપણામાં બંધાઈને-પૂરાઈને કોરા-સૂકા રહેવાના સોગંદ લઈને બેઠા છીએ.



પરમાત્માની અમૃતધારા-શાશ્વત વર્ષા ઝંખી રહી છે. આત્મા સાથે સાયુજ્ય રચવા.

(આત્મા કેદ છે, તન-મનની સુખ સગવડોમાં) ભૌતિકતાના ઐશ્વર્યમાં આળોટે છે.

'ઊઠો, જાગો...તમારે કંઈ જ કરવાનું નથી ખાલી કૂંડાળામાંથી બહાર આવી, હેલીનો સંસ્પર્શ અનુભવવાનો છે. હરિરસની હેલી રાહ જોઈ રહી છે....'

આપણને જડતામાંથી મુક્ત કરી, ચૈતન્યતત્ત્વની દીક્ષા જ નહીં, દક્ષિણા અર્પવા ઉત્સુક છે...

બસ બહાર આવી ઊભા જ રહી જાઓ, જેવા છો તેવા, 'તમારો સત્કાર છે, સ્વીકાર છે.'

બિનશરતી, કેવળ પ્રભુપ્રેમનું સર્વાંગ સુંદર, અનુપમ શબ્દપ્રતીક આ હરિરસની હેલી !

ખંડખંડમાં વિભક્ત-અહીં તહીં વિખરાયેલું અસ્તિત્વ અખંડ-અવિભાજ્ય તત્ત્વમાં મળી જવાને બદલે ભળી જવાને બદલે; એકરૂપ-સમરસ થઈ જવાને બદલે અહંકારમાં રાચે છે.

હરિનું બેસુમાર પ્રેમઐશ્વર્ય અનરાધાર વરસતું રહે, હરિરસની હેલી થંભવાનું નામ ન લેતી હોય ને છતાં આપણે ભીંજાયા વિનાના રહી જઈએ-રહી શકીએ તો એમાં વાંક કોનો ? કવિશ્રી રમેશ પારેખ કહે છે તેમ;

**'વરસાદ નથી એમ ન કહેવાય**
**હશે આપણે પલળ્યા નહીં.'**

**–સંકલન**

# ॥ સ્નેહસ્વરૂપા 'મા' સર્વેશ્વરી ॥

કોઈ એક જ અક્ષરનો શબ્દ મંત્ર થઈ શક્યો હોય તો તે 'મા' છે. અને કોઈ બે અક્ષરનો શબ્દ મંત્રકક્ષાએ પહોંચ્યો હોય તો તે 'ગુરુ' છે. એટલે આ ઉભય મંત્રશક્તિનો સમન્વય 'મા સર્વેશ્વરી'.

આપણાં સ્નેહસ્વરૂપા 'મા' કથન કે વર્ણનનો વિષય નહીં, સ્પંદનનો વિષય છે. એમના જ અસીમ સ્નેહબળે તેઓશ્રી પ્રાણસ્પંદરૂપે અનુભવાય છે. એ 'ઢાઈ અચ્છર પ્રેમકા પઢવા-પઢાવવા' મથે છે, પણ પંડિત થયા વિના ! 'મા' માટે પ્રેમ એ હોવાની વાત છે. એમનું એ very being છે. પણ એમાંથી કશું કમાઈ લેવું નથી. 'Love for the sake of love only.' એ જ સાધન ને એ જ સાધ્ય ! પ્રેમનું પૂર્ણ ગૌરવ એ તત્ત્વના હોવામાં જ એમણે અકબંધ સાચવ્યું છે. 'મા' પાસે પ્રેમ છે, મબલખ પ્રેમ. તમે કદી કલ્પ્યો ન હોય એવો પ્રેમ કારણ કે એ દિવ્ય છે, બિનશરતી છે.

એ પ્રેમનું એક સ્વચ્છ-પવિત્ર સરોવર છે, કદાચ માનસરોવરથી પણ વધુ પવિત્ર. એ સરોવરમાં સર્વને સદા નિમંત્રણ છે. એમના શબ્દ તમને ડૂબતાં બચાવી શકે, એમનું મૌન તમને સામે પાર લઈ જઈ શકે.

પૂ.'મા'નો પ્રેમ ચમત્કારો કરે છે, કરી શકે છે. પણ આપણી તીવ્ર અભીપ્સા એ પ્રેમ માટે હોવી જોઈએ.

આપણને કેવળ પ્રભુ જ જોઈએ છે, એ સિવાય કશું નહીં, કશું જ નહીં; એવી જો ખાતરી આપણે એમને કરાવી શકીએ તો આપણે ધાર્યું પણ ન હોય, કલ્પ્યું પણ ન હોય, અરે ! સ્વપ્નમાં



પણ એ ન વિચાર્યું હોય એવું આવી મળે !

પૂ.'મા'ના હૃદયમાં પ્રભુ અને પ્રભુનિર્મિત સૃષ્ટિ માટે જે અહર્નિશ ભાવો ઊમટે છે એનું એક બુંદ પણ આપણામાં પ્રગટી જાય તો એ આપણને પિગાળી આપણને નવા જ બનાવી દે છે.

પૂ.'મા'ને તર્ક કે બુદ્ધિની નહીં, ભાવ-ભક્તિથી સાંભળો, શ્રદ્ધાની આંખથી જુઓ, થોડી તન્મયતા સાધો અને પછી એમના પ્રેમની ક્ષમતા અને મહાનતા તમારી સમક્ષ સ્વયં 'સુખના ભંડાર' ખોલી દેશે. તમે લેતાં થાકશો, એ આપતાં નહીં થાકે.

''મા' મીરાં છે, સ્વયં ભક્તિ છે.' એ હું નથી કહેતી, ગુરુભગવંત શ્રી યોગેશ્વરજીએ કહ્યું છે. એમનામાં હૃદયની આરપાર નીકળી જતી 'સમર્પણની વીજળી' છે, જે ભસ્મ થવા તૈયાર હશે તેનો નાતો એમની સાથે અતૂટ થઈ જશે. પછી એમના યોગક્ષેમનો હવાલો એ લઈ, એમને નિર્ભાર કરી દેશે.

પૂ.'મા' બહુ સ્પષ્ટ રીતે એક મન્ત્ર આપી દે છે :

'તોડો અને જોડો.'

જગતમાં બધું જ ક્ષણભંગુર છે, પ્રભુને શોધવા હોય તો શાશ્વતમાં શોધો.

અહીં કશું જ આપણું નથી, ભ્રમમાં ન રહો. બધું જ છૂટી જવાનું છે.

તો તમે જ નક્કી કરો કે ક્યાં વળગ્યા છો ને ક્યાં વળગવાનું છે ?

જે જગતથી વિરક્ત છે તે જ પ્રભુઅનુરક્ત થઈ શકે છે.

અધ્યાત્મમાં ફીફટી-ફીફટી નથી ચાલતું. બે નાવ પર એક સાથે સવાર ન થઈ શકાય. સંસારની નાવથી ઊતરો અને પરમાત્માની નાવ પર ચઢો.

સંસારના સંબંધો અંધારી ઘાટી જેવા છે એની મમતા છોડો. ત્યાં મૃત્યુ સિવાય કંઈ નથી. તમે એકલા છો ને એકલા જવાના છો. આ જગતમાં એક જ સંબંધ રચાઈ શકે છે, જે તમે જેવા છો તેવા સ્વીકારી લે છે અને તે કલ્યાણકર્તા છે. બીજા બધા સંબંધો બને છે-મટે છે, સુખની તો આશા જ રહે છે. દુન્યવી અનુભવો દુઃખ સિવાય કશું આપતા નથી. સ્વજન-પ્રિયજનનું મૃત્યુ પણ તમને સંસારથી વિમુખ અને પ્રભુની સંમુખ કરવા આવે છે. 'તમે એકલા પડો તો પ્રભુ સાથે રહેવા આવે.' આ વાત 'મા' વારંવાર દોહરાવે છે.

પરમાત્મા સાથે નાતો જોડ્યો તો પછી જગતમાં કોઈ 'હાનિ' તમારે માટે નથી. અર્થાત્ પ્રારબ્ધ પણ આપણા ઉપરથી પસાર થઈ જશે, એની હાજરી રહેશે, પણ એની કેદ-ભીંસ નહીં હોય.

જે જાગૃત થઈ ગયો, સાવધાન થઈ ગયો, જેણે શરીર-મનથી પરે આત્મતત્ત્વ જાણી લીધું અને 'હું આત્મા-પરમાત્માનો જ અંશ છું' એવું જેને દૃઢ થઈ ગયું ત્યાં પ્રારબ્ધપ્રાપ્ત સંસ્કારો ક્ષીણ થઈ જાય છે, એની કેવળ ભસ્મ રહી જાય છે. આ સમજ એ 'મા' દીધું અમૂલ્ય વરદાન છે.

પરમ પૂજ્ય 'મા'માં સંકલ્પ નહીં, સહજતા છે, જે કંઈ એ કરે છે એ સહજભાવે કરે છે. એ એમનું સ્વાભાવિક સ્વ-રૂપ છે. એક જ વાત 'મેરે તે ગિરધર ગોપાલ.'

'ઝુકાવ્યું જીવન મારું રે, પ્રભુજીના શરણે' 'શરણાગતિ'-તુકારામ કહે છે તેમ; બધી ગતિઓ એમાં સમાઈ જાય છે.' સમર્પણ સિવાય કશું જ નહીં.

પૂ.'મા' કહે છે તેમ; ''સ્વર્ગારોહણ' પૂજ્યશ્રી યોગેશ્વરજીની સંકલ્પસૃષ્ટિ છે. તેઓશ્રીનાં ચરણકમળ માત્ર પાંચ મિનિટ માટે અહીં પ્રતિષ્ઠિત થયાં ને એક ક્ષણિક સ્પર્શના



ચમત્કારે આ ભૂમિને તીર્થનો મહિમા અર્પ્યો. એ પવિત્ર ભૂમિ અહીં આવનાર શક્તિસ્વરૂપોથી-ભક્તોથી-સાધકોથી-જિજ્ઞાસુઓથી ચિન્મય બની રહે છે.'

પ્રગટ મહિમા ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનો સદા પ્રસરતો રહે અને પ્રચ્છન્ન પૂ.'મા' સર્વેશ્વરીનું સમર્પણ મહેકતું રહે એવા એવા મધુર અદ્વૈતનો સૂક્ષ્મ પ્રસાર એ આ તીર્થની પ્રસાદી છે.

પૂ.'મા'ની મંગલમય ઉપસ્થિતિથી આ તપોભૂમિ અત્યંત સ્વચ્છ, સુઘડ, પવિત્ર રહે છે. આ ભૂમિના પ્રત્યેક અંશ સાથેનો પૂ.'મા'ની સંવેદનશીલતાનો સંબંધ અનુભવાય છે. પૂ.'મા'નો પ્રેમાભિષેક અહીંના અણુ-પરમાણુ પર સતત થતો જ રહે છે.

પૂ.'મા' શ્રીકૃષ્ણ તેમજ ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજીનાં શ્રી સ્વરૂપો સાથે રાખે છે. કદાચ એ દ્વારા સૂચવવા માગે છે કે, 'જેટલો પ્રેમ પ્રસરશે એટલા શ્રીકૃષ્ણ જીવતા રહેશે. પૂજ્યશ્રી સાથે જયપુરથી ખરીદેલી શ્રીકૃષ્ણની મૂર્તિ માટે 'મા'ના હૃદયમાં પ્રેમ પ્રગટ્યો પણ એ પ્રેમ એવો-એટલો વિસ્તર્યો કે સંસાર સંકોરાતો ગયો, નાનો ને નાનો થતો ગયો અને પરમાત્મા મોટા ને મોટા થતા ગયા. પ્રેમ પ્રસરતાં જ શ્રીકૃષ્ણ જીવંત-ચિન્મય બન્યા, એ પ્રેમથી પરમાત્માનો રસ્તો બનવો શરૂ થયો.' સાથે સાથે પ્રતીતિ થઈ સદ્ગુરુસ્થિત પ્રભુતત્ત્વની ! અને થયું : 'કરોડો સૂર્યશશીનું તેજ ભેળું કરો તો પણ એ સ્વરૂપના અજ્ઞાનતિમિરને દૂર કરી શકે નહીં. કેવળ સદ્ગુરુ જ અજ્ઞાનતિમિરને પોતાના જ્ઞાનસૂર્યથી દૂર કરી શકે છે.' વિદેશથી હમણાં જ પ્રાપ્ત તાજા સુગંધિત પુષ્પરૂપ પદમાં 'મા' લખે છે : 'સર્વેશ્વરીના હે સુખદાતા ! સંકટ સમયે કરો સહાય.' સમાવી લો સ્વસ્વરૂપે નાથ !' અને પછી એનો મર્મ સ્ફુટ કરતાં કહે છે : '૭૬નું વરસ ચાલે છે. કેટલા બધા આટલા વર્ષ જીવતા પણ નથી. વિદાયના

આ પર્વના અંતિમ દિવસો છે. પાનખર આવી ગઈ છતાં પરમ સખા પ્રત્યક્ષ થતા નથી. થયા નથી. હજી પણ એમને પડદો જ ખૂબ પ્રિય છે. પ્રત્યક્ષ મળતા નથી એ સંકટ કાંઈ સામાન્ય ન ગણાય.'

પૂજ્યશ્રી યોગેશ્વરજીએ જગદંબાપ્રાપ્તિ જ નહીં, સ્વયં જગદંબાસ્વરૂપ થઈ જવાનો સંકલ્પ પોતાના અનવરત તપ-વ્રત-જપ-સમાધિ-પ્રાર્થના-ઉપવાસના ભગીરથ પુરુષાર્થથી સિદ્ધ કરી જ લીધો, એમાં 'I saw, I liked and I conquered.' નો નિર્ધાર હતો.

જ્યારે 'મા' પાસે હતો-છે નિતાન્ત પ્રેમ. જેમાં સોએ સો ટકા સમર્પણ સાધવાનો એકમાત્ર ભાવ! કોઈ સંકલ્પ નહીં, સહજભાવે જ પૂ.'મા' સ્નેહસ્વરૂપા બની રહે છે અને પરમ સદ્ગુરુના પરમ ચૈતન્યસ્વરૂપ માટે કહી શકે છે : 'I saw, I liked and I am conquered.' ભરપૂર શ્રદ્ધા-આત્મબળ પણ અદ્ભુત-છતાં વિનમ્રતા એવી ભારોભાર કે, જિતાઈ જવા તૈયાર ! સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેવા હર પળે તૈયાર ! 'મા'માં 'I disown all except my God'નું અપ્રતિમ સાહસ છે. જીવનસમસ્તનો એક જ સૂર : 'યોગેશ્વર નિત્ય અહમ્ નમામિ.' અને નરી શ્રદ્ધાભરી નિર્ફિકરાઈ મીરાં જેવી :

**'મીરાં કે પ્રભુ પાડી ગયા છે એમ પડી છું ટેઢી**
**પાછા વળતાં આંખ હરિની લેશે અમને તેડી !'**

—તરલા દેસાઈ



# ॥ પૂજ્યશ્રી'મા'ની સ્નેહસંનિધિ ॥

પૂર્ણ સમર્પિત 'મા'ની ઉપસ્થિતિ જ પરમ કલ્યાણમય ! 'મા'નું મૌન સંક્રમક શક્તિનું શ્રેષ્ઠતમ રૂપ ! શબ્દોના કોલાહલથી પર શાન્ત મૌન 'મા'ની કૃપાનું અત્યંત મુખરરૂપ છે.

(૧) 'મા' આપણી તરફ એક કૃપાદૃષ્ટિથી જોઈ લે એ પર્યાપ્ત છે આખા જગતની પ્રશંસા એકબાજુ અને 'મા'ની પ્રેમવર્ષાનું એક બિંદુ બીજી તરફ-બહુ વજનદાર ! પલ્લું ત્યાં જ ઝૂકશે.

(૨) 'મા'નો સત્સંગ આપણા પિંજરમાં ખુલ્લા આકાશની ખબર લાવે છે. પિંજર તૂટતાં જ આખું આસમાન તમારું છે-એને પોતાનું કરી લો. એમ પ્રેમથી રીતસર વીનવે છે. આપણને આકાશ છે એનો પણ ખ્યાલ નથી રહેતો. આપણી પાસે પાંખ છે ને એનાથી ઊડી શકાય છે એ ય યાદ નથી રહેતું. પૂ.'મા' પાસે 'પાંખોનો ફફડાટ' સંભળાય છે. પૂ.'મા' સતત આકાશમાં ઊડતાં અનુભવાય છે. એમના આનંદ-પ્રસન્નતા-શાંતિ-સ્થિરતા-રસની ગરિમાથી આહ્લાદિત થતાં આપણા હૃદયમાં પણ છાનો-છાનો, ધીમો ધીમો રસ વહેવા લાગે છે. આપણે પણ તન-મનના કષાયો ઓગાળી, આત્મતત્ત્વની સભાનતાના આનંદમાં ઝૂમવા માંડીએ છીએ. પરમ પૂજ્ય 'મા'ને પ્રણામ કરવા નીચે નમીએ છીએ તો 'આત્માની ઉપલબ્ધિ' લઈ જાણે ઊંચા ઊઠીએ છીએ !

(૩) પૂ.'મા'ના સત્સંગમાં પ્રભુકૃપાની અનુકંપાની વાત

થાય છે. પ્રભુની કરુણા આપણા દુઃખોથી ઘણી મોટી-મહાન છે. એના હાથ બહુ લાંબા છે આપણને સાહવા માટે ! આપણે ગમે એટલા દૂર નીકળી ગયા હોઈએ એ આપણા સુધી પહોંચી જ જાય છે ! ભગવાનના હજાર હાથ છે એ બધી તરફથી ઊઠાવી લેશે, બધી દિશાએથી ઊઠાવી લેશે પણ ત્યાંસુધી નહીં ઊઠાવે જ્યાં સુધી તમે પોકારશો નહીં.

(૪) પૂ.'મા'ના પ્રજ્વલિત દીપની સંનિધિમાં આપણો હોલવાયેલો દીવો જલી જાય છે, પ્રગટી જાય છે.

(૫) પ્રભુકૃપા આપણી આંખે ન દેખાતી હોય તો 'મા'નાં નેત્રો પાસે બેસીએ, એ આંખોને પ્રભુકૃપા સિવાય કંઈ દેખાતું જ નથી; એનો આધાર આપણને નમ્ર, દર્પરહિત અને કૃતજ્ઞ બનાવે છે.

'તમને ઈસુખ્રિસ્ત જેવી ખીલા ઠોકાવાની વેદના તો નથી થઈ ને?'

તમારું હોવું, તમારો એક-એક શ્વાસ પ્રભુની કૃપાનો વાહક છે.

પ્રભુની સતતવાહી કૃપા ન હોય તો કોઈ કશું જ ન કરી શકે, એની પ્રતીતિ કરાવે છે.

(૬) પૂ.'મા'ની સંનિધિમાં શાસ્ત્રનું નહીં સંગતિનું. શબ્દનું નહીં મૌનનું. તર્કનું નહીં, શ્રદ્ધાનું મૂલ્ય છે.

(૭) જેને સંસાર જ સર્વસ્વ લાગતો હોય એ 'મા'ની સંનિધિમાં અધ્યાત્મરસ અનુભવવા લાગે છે. ગંગાજી સન્મુખ ઊભાં કે, એની શીતળતા, પવિત્રતા, મંગલમયતાથી છલકાઈ ન



જાઓ એવું બનવું અસંભવ !

(૮) પૂ.'મા'ના તેજનું એકાદ કિરણ પણ જો આપણને સ્પર્શી જાય તો આપણા અંધારાને ખળભળાવી દે છે. સદીઓથી જામેલી ધૂળને ઉડાડી દે છે.

(૯) 'મા' પાસે આવતાં જ સમજાય છે. કાદવમાંથી કમળ પેદા થાય પણ કમળ કાદવ નથી. એમ આપણે હાડ-માંસના બનેલા છીએ પણ આપણે એનાથી ઘણા ઊંચે છીએ, 'ચૈતન્ય' છીએ. જે છે અદૃશ્ય પણ એનાથી જ્ઞાત બનવાનું છે.

પરમ પૂજ્ય 'મા' આપણને આપણું મૂલ્ય-મહત્ત્વ સમજાવે છે, આપણો-આપણા સ્વજનો-સંબંધોનો પણ મહિમા કરી, આપણી 'આંતરિક મહત્તા'ને ઉજાગર કરે છે.

(૧૦) 'મા' જે રીતે આપણું ગૌરવ-ગરિમા સાચવે છે, આપણને જરાક પણ તુચ્છ ગણ્યા વિના, આપણા આંતરઐશ્વર્યને પોંખે છે, આપણામાં રહેલું 'સર્વોત્તમ' આવિષ્કૃત કરે છે.

દીન, લાચાર, કર્યા વિના આપણી ઇચ્છાઓને જાણી લઈ, આપણને તે એનાયત કરે છે.

(૧૧) સ્વસ્થ થવું જ પર્યાપ્ત નથી, પરમાત્મા સુધી પહોંચવાનું એ સાધન બનવું જોઈએ. એ પ્રેમથી સમજાવે છે. સામાન્ય રીતે 'ખાધું-પીધું ને રાજ કીધું' એ જીવનસૂત્ર આપણું હોય છે.

પણ Divine discontent ધીમે ધીમે 'મા' ઊભો કરે છે. 'અલબત્ત હજી જિજ્ઞાસા એવી જાગી નથી કે, પ્રભુ વિના

રહેવાય જ નહીં.' એવું કોઈ કહે તો 'મા' કહે છે તેમ; 'એનીય ચિંતા આપણે શું કરવાની ? ચિંતા કરવાની જોબ પ્રભુની છે. એને જ સોંપી દો બધું !'

(૧૨) પતિ-પત્નીને પણ કહે 'ક્યાં સુધી એકમાં ગૂંથાયેલાં રહેશો ? જે પ્રેમ ક્ષણભંગુરમાં લાગી ગયો હતો તે શાશ્વતી તરફ ઊઠે એવું કરો. દેહીથી પ્રેમ કર્યો હવે દેહાતીતથી પ્રેમ કરી જુઓ. એવો પ્રેમ કરો જે ક્યારેય મરે નહીં.

પતિ-પત્ની તરીકેની ભૂમિકા તો અતિ અલ્પ છે. સાચો નાતો 'અધ્યાત્મનાતો' છે, દિવ્યતાને પંથે સાથે પ્રયાણ કરવાની પ્રેરણા અનુભવો.'

(૧૩) પ્રભુને પ્રેમ કરો એમ કહેવાની જરૂર નથી. જેનાથી પ્રેમ થઈ જાય એ જ પ્રભુ, બધામાં પ્રભુ જુઓ. પૂજ્યશ્રી 'તમામ સ્ત્રીઓમાં જગદંબા જ નિહાળતા.'

(૧૪) 'જાતને જ મળો-ઓળખો. મૌનમાં બેસો. ભીતર જતાં, વળતાં સમજાશે કે, પ્રભુ તો અંદર બેઠો છે ને તમે એને બહાર શોધો છો. તમારું આત્મતત્ત્વ એ જ તમારા પ્રભુ !'

અહંકારની દોડમાં સમય ન વેડફો. પરમાત્મા ઊતરી આવશે સ્વયં !

(૧૫) મૌન તમને શૂન્ય બનાવશે-ક્યાંય તમે અનિવાર્ય નથી, ફરજ-કર્તવ્ય પણ અહંકારનાં નખરાં છે.

(૧૬) રહસ્યોનું રહસ્ય આ છે કે, મટી જવું, ખપી જવું, જાત વિસ્મૃત કરી દેવી, પ્રભુનું અનુસંધાન અહર્નિશ !

(૧૭) જીવનમાં પરમાત્માનો સાથ શોધી લીધો કે આપણું



દુઃખ સમાપ્ત ! (The end !) આપણે નિર્ભાર થઈ ગયા.

પછી કોઈ વિધિવિધાનની જરૂર નહીં કોઈ ઔપચારિકતામાં-દીવા, અગરબત્તી, પૂજાવિધિમાં અટવાવાની જરૂર નહીં.

(૧૮) 'મહાનમાં મહાન સદ્‌ગ્રન્થ પણ તમારા અંતરમાં જ છે,' એ વાંચો; યમદેવતાનું નિમંત્રણ આવે તે પહેલાં !

[કવિવર ટાગોરે છ હજાર ગીતો લખ્યા પછી કહ્યું હતું કે, 'હજી તો મેં સાજ જ બેસાડ્યો છે, ને પ્રસ્થાનની ઘડી આવી ગઈ ! જે ગાવા ચાહતો હતો તે ગીત તો ભીતર પડ્યું હતું. તાર કસી તબલાં બેસાડી, ગાવા ચાહ્યું તો જવાનું ફરમાન.'] તો મૌન 'ભીતરી સંગીત સાંભળો એ અહંકારનું મૌન છે, આત્માના સાતે સૂરો એમાં છે જે પ્રભુને પ્રિય-અતિપ્રિય છે.']

સૌથી વિશેષ તો 'મા' કહે છે; 'સહજ બનો અને અખંડ ભાવથી જે થાય તે કરો. તમારા થકી થવા દો.'

પરમાત્મા તમારી નિકટ જ છે, એમ એનું હોવું સહજ છે કારણ કે, તમે એના છો. એનાથી દૂર જવું અસ્વાભાવિક છે.

પોકાર જો પૂર્ણ હોય પ્રભુ એ સ્વયં દોડતા આવે છે એ તમને ખોજી રહ્યો છે, એનો હાથ તમારી તરફ લંબાયેલો છે, એને સાહવામાં વિલંબ ન કરો.

**–સંકલન**

'જે માણસ ખુદાની નિંદા કરે છે તેને પણ ખુદા ભૂખ્યો નથી રાખતો. તો જેના આત્મામાં તેના પ્રેમનો ઉચ્છ્‌વાસ છે, તેને શું તે ભૂખી રાખવાનો હતો ?'

**–રાબિયા**

## ॥ 'મા' : આપણી અંતઃશક્તિ ॥

કોઈ આપણને પૂછે : 'આ 'મા' સર્વેશ્વરી છે કોણ ? ત્યારે વર્ષોથી 'મા'થી પરિચિત છતાં આપણી જાતને પૂછાઈ જાય છે. 'આ 'મા' છે કોણ ?' કેમકે આ 'મા' નામધારી વિભૂતિવિશેષે આપણા હૃદયમાં ધીમે-ધીમે પગપેસારો કરી, એવી હકૂમત સિદ્ધ કરી દીધી છે કે, એ ગમે ત્યાં રહે છતાં સદા સંનિકટ જ ભાસે છે. એમનું સ્મરણ એટલું સતત રહે છે કે, જાતની સ્મૃતિ પ્રસંગોપાત આવી જાય !

'મા' પૂ.માએ પસંદ કહેલું, સ્વીકારેલું એકાક્ષરી નામ છે. આ એમની એકમાત્ર ઓળખ છે. આ જ એમની સહી છે. પણ આ શબ્દમાં જ એમના સકલ અસ્તિત્વની સંચિત મહેક છે. એ આબાલવૃદ્ધ સર્વની 'મા' છે. જન્મદાતા નહીં, જીવનદાતા જ નહીં, જીવનમર્મની દિશા ખોલી આપનાર, માતા છે. અપાર ધીરજથી એ દિશામાં જ આપણી ગતિ કેમ વધે એ માટે હર પળ પ્રયત્ન કરનાર-કરાવનાર માતા છે. આ અર્થમાં 'મા' દેવકી-યશોદાથી પણ ન્યારી છે. દેવકીએ શ્રીકૃષ્ણને જન્મ આપ્યો, યશોદાએ એનું પાલનપોષણ કર્યું. આ 'મા' અનેક ગોવાળ-ગોવાલણોમાં રહેલા 'શ્રીકૃષ્ણસ્વરૂપ'ને -'આત્મસ્વરૂપ'ને અનેક અંતરાયો-દુન્યવી બળો વચ્ચે અવતારી, એના સંવર્ધન માટે મથનારી. આપણને આપણા આંતરઐશ્વર્યની અનુભૂતિ કરાવનારી 'સર્વેશ્વરી' છે.

આ 'મા' આગળ કોઈ સ્ત્રી નથી, કોઈ પુરુષ નથી, કોઈ વિદ્વાન નથી, કોઈ અબુધ નથી, પૈસાદાર-ગરીબ, બળવાન-



નિર્બળના કોઈ કરતાં કોઈ ભેદ નથી. પાત્રતા યોગ્યતાનું કોઈ પ્રમાણપત્ર એમની આગળ જરૂરી નથી. એમને દ્વારે બસ આવો એટલું જ પર્યાપ્ત ! આપણામાં રહેલા સર્વ પ્રકારના અહંકાર (વિદ્વત્તા, પૈસો, કીર્તિ) ખંખેરી નાંખી આપણું 'બાળકપણું' જગાડી દે અને એ પણ એવા સહજ-મૃદુ પ્રેમભાવથી કે આપણને એની સુધ પણ ન રહે.

હા. આ 'મા' પાસે પ્રેમનો લખલૂટ ખજાનો છે. એના દરબારમાં લૂંટારાઓની સતત પ્રતીક્ષા હોય છે.

હા. આ 'મા' છે માતૃધર્મનું ભવ્યોજજવલ અનુપમ દૃષ્ટાંત. ભૌતિક જ નહીં, સૂક્ષ્મ હૃદયસંપત્તિથી સમૃદ્ધ કરી દેનાર આ 'મા' આપણા શરીર-મનની નહીં, આત્મસંપદાને જન્મ આપનાર જગત્જનની છે. આપણા આત્માની દરકાર, સંભાળ, પ્રેમભર્યું જતન એ જ એનું એકમાત્ર કાર્ય !

તો આ આપણા આત્માની 'મા', પરમાત્માની સહચરી છે. એટલે જ જગતભરના આત્મા પછી તે મનુષ્ય, પક્ષી-પ્રાણી કે વનસ્પતિના કેમ ન હોય ! આ સર્વ ચૈતન્યઅંશો માટે આ 'મા' પોતાના પ્રાણ પાથરે છે. આ અર્થમાં એ જગદંબા-જગજ્જનની છે, શક્તિ જ નહીં, મહાશક્તિ છે. પૂજ્યશ્રીએ વારંવાર 'મા' સર્વેશ્વરી સાક્ષાત જગદંબા જ છે. એમ કહ્યું છે. અલબત્ત, આ ગૂઢ-ગંભીર સત્યનો તાળો કોઈ અવતાર સાથે મેળવવાનું ભોળપણ કરવાની જરૂર એટલા માટે નથી કેમકે આ કોઈ ચમત્કારિક, દિવ્ય કે અલૌકિક ઘટના નથી કે જાદુનો કોઈ વિષય નથી. આ કેવળ સીધી-સાદી અનુભૂતિજન્ય, પ્રતીતિજનક સત્ય છે. જો આપણું ભક્તહૃદય ધાતુ કે પથ્થરની મૂર્તિમાં પ્રભુ જોઈ

શકતું હોય તો આ 'મા' તો આપણી સમક્ષ જીવંત, હાજરાહજૂર, ચૈતન્યસ્વરૂપા છે એનો સહજ સ્વીકાર કોઈપણ હૃદય કેમ ન કરે ? કદાચ Too good to be true લાગતું હશે ?

પુરાણકથા પ્રમાણે બધા દેવોએ ભેગા થઈ શક્તિસ્વરૂપનું સર્જન સૃષ્ટિના અસુર તત્ત્વને વિદારવા કરેલું એમ આપણા હૃદયમાં રહેલા તમામ અનિષ્ટ-અમંગલ-આત્માથી દૂર લઈ જતા તત્ત્વોને વિદારવા જ આ 'મા' સદા કૃતસંકલ્પ છે.

ચૈત્ર અને આસોના નવરાત્ર જ નહીં, પ્રત્યેક માસ-પ્રત્યેક દિન અરે, પ્રત્યેક પળે આ જીવતાં-જાગતાં-ચૈતન્યસ્વરૂપા 'મા' આપણી સાથે, સામે, આસપાસ તો છે જ. પણ આપણી ભીતર 'આપણા અંતરાત્મારૂપે' પ્રતિષ્ઠ રહી સદૈવ આપણને રક્ષે છે. અનરાધાર આપણા પર પ્રેમાભિષેક કરે છે.

તો આવો આજના પુનિત દિને જ નહીં, હર દિનની હર પળે 'આપણી અંતઃશક્તિસ્વરૂપા' 'મા' સર્વેશ્વરીને આપણે એક સાથે પ્રણમીએ, વંદના કરીએ, પ્રાર્થીએ.

તો 'મા' સર્વેશ્વરી કોણ છે જાણવા જતાં માલૂમ પડ્યું, પ્રતીત થયું 'આ તો સ્વયં આપણે જ.' 'મા' માટેનો વિસ્મયભાવ પરિણમ્યો આમ 'સ્વ-રૂપ દર્શનમાં ! અને કબીરના શબ્દો સ્પષ્ટ થયા :'

**'મોં કો કહાઁ ઢૂંઢે બંદે, મૈં તો તુજમેં.'**

(વાર્તાલાપ)
'સ્વર્ગારોહણ'
તા.૨૮/૦૩/૨૦૦૪



# ॥ પૂજ્યશ્રી'મા'નું અભયવચન ॥

અચાનક માંદગી આવે એટલે આપણું મન સતત તેનું જ ચિંતન કર્યા કરે. પણ દરેક ઘટનાને, દરેક પ્રશ્નને બીજી રીતે પણ જુઓ. અમારે ગઈકાલે જ એવું થયું. અમે બહારથી આવ્યા એટલે બોલ્યા : 'સતત કાર્યરત રહેવાનું થયું.' આ શબ્દના બે અર્થ છે : એક હરિની કેવી કૃપા છે કે આ દેહથી સતત કાર્ય કરી શકાય છે. ને બીજો અર્થ આ શરીર ૨૪-૪૮ કલાક સુધી સતત કામ કરે છે.

'મા'ના દરેક વાક્યને, દરેક કામને, દરેક વિભાગને ઊંચા ઊઠીને જુઓ. એ કાર્ય પાછળ કોણ છે ? પછી એવું ના ધારતા કે મારી પાસે પરબ છે પણ પાણી ના પીધું. વૃક્ષ છતાં છાયા ન લીધી.

પૂજ્યશ્રીનું એ પદ : હરિ, હરિ, શ્રીહરિ...યાદ રાખો. કેટલાંક કાર્યો વિના 'મા' રહી જ શકતાં નથી. એટલે ૧૦૦ મણનો થાક હોય પણ 'યોગતીર્થ'નાં પગથિયાં ચઢતાં જ બધું ભૂલી જવાય ને કલાકો સુધી ત્યાં ઊભા રહીને ખોવાઈ જવાય છે. આ શરીરને માધ્યમ બનાવીને હરિને જે કરવું હોય એ કરે છે. ૧ થી ૭, ૧ થી ૧, ૨૪ કલાક પણ કામ કરે. એ જે કાંઈ બને એ સમજણપૂર્વક નિહાળો, વધાવો, મંત્ર ગાતા રહો ને મદદ માગતા રહો.

ઘરમાં રોગરૂપી કૂતરું ઘૂસી જાય તો મંત્રની લાકડીથી હાંકયા કરવું. ખરેખર તો હવે બાયપાસવાળા ખૂબ જીવે છે. મનમાંથી કાઢી નાંખો, 'મને હાર્ટની કોઈ તકલીફ છે.' વિચારો 'મને કોઈ તકલીફ નથી.'

અમને ૧૫ વર્ષ ઉપર એક ડૉક્ટર મુંબઈમાં મળ્યા. પોતે ડૉક્ટર છે ને ૫૦ ટકા નળી બ્લૉક થઈ ગઈ છે. હવે છ મહિના પણ જીવાશે કે કેમ ? એ વાતને ૧૫ વર્ષ થઈ ગયાં હવે લગભગ ૩૦ વર્ષ થવા આવ્યા હશે-એ હજી જીવે છે. એટલે ડૉક્ટર પણ પોતાના શરીરનું અંદરનું પૂરું જાણી શકતા નથી.

પ્રાર્થના કરો પ્રભુને : 'આરોગ્ય ને આયુષ્ય બંને આપો.' ૐ યોગશ્વર રક્ષ મામ શ્રી યોગેશ્વર પાહિ મામ રક્ષ મામ, રક્ષ મામ, પાહિ મામ પાહિમામ'-આ રીતે સતત-સતત ગાયા કરજો. આ નાનકડી ગોળી, પ્રભુની ફાર્મસીની સતત જપો. એમાં ex-piry date નથી, કોઈ આડઅસર નથી. ડૉક્ટરો પ્રિસ્ક્રિપ્શનમાં લખતા નથી એવી ગોળી છે. એ 'અલૌકિક ગોળી' દરેક શ્વાસે શ્વાસે લેવાની.

હૉસ્પિટલમાં એક બૉર્ડ મારો : 'મંત્રથી, પ્રાર્થનાથી, શ્રદ્ધાથી, ડૉક્ટરના પૂરા પ્રયત્નથી દોડતા થઈ જવાશે.' આપણે એકલા નથી. હજારો સ્વજનોની હૂંફ આપણી સાથે છે. હરિ શ્રીકૃષ્ણની જેમ ઊભા છે. ક્યારે ભક્ત બોલાવે ને દોડી જાઉં ? ચિંતા તમે કરશો તો પ્રભુ શું કરશે ? ચિંતા કરવાનો ધંધો પ્રભુનો છે. આપણે તો આશીર્વાદના ગ્રાહક છીએ.

ડૉક્ટર પણ પ્રભુનું જ એક રૂપ છે. એમ માની ડૉક્ટરની બધી સૂચનાઓને પ્રેમથી સ્વીકારવી. આપણું કામ પ્રાર્થનાનું. બધાંને પોતપોતાનું કામ કરવા દો.

અગ્નિની જ્વાળામાં ફસાયેલા હોઈએ એવી કલ્પના કરીને મન્ત્રગાન કરીએ. 'પ્રભુ બચાવો. હવે કોઈ રસ્તો નથી.' તો



મન્ત્રગાનમાં સરસ એકાગ્રતા આવે ને એ મન્ત્ર જ માર્ગ બની જાય. અથવા હવે મારા છેલ્લા શ્વાસ ચાલે છે એ રીતે મંત્ર કરવો. તો તરત જ પરિણામ મળે. તાલાવેલી, તન્મયતા ને તીવ્રતા પ્રાર્થનામાં જોઈએ.

પ્રભુ મંગલ જ કરશે. એવી શ્રદ્ધા કદી ના છોડવી. અમે આજે સવારે જ વાંચ્યું. 'કોઈ ઉચ્ચતર શક્તિએ મારા પર કાબૂ મેળવ્યો હતો. હું સંપૂર્ણપણે તેના કબજામાં હતો.' સંતની અનુભૂતિનો જ આ તાર છે. આ દિવ્યશક્તિની યાત્રાનો-શબ્દયાત્રાનો આરંભ કરીએ.

'મા' ને દરેક ક્ષણ યાત્રા જેવી જ લાગે છે. કોઈવાર પ્રવાસ, મુસાફરી, કોઈવાર રખડપટ્ટી-યાત્રાના આ વિવિધ પ્રકાર ને વિવિધ ગુણવત્તા, મન રખડે, ભટકે, છટકે પણ ચોંટે તો હરિચરણે જ !

**–('મા'ની સત્સંગપ્રસાદી)**

**'સત્યપથ'**

**તા.૧૬/૧૧/૨૦૦૫**

---

ગૌતમ બુદ્ધને દરેક ગુરુએ અંતે કહ્યું; 'હવે તું જા. કેમકે અમે જે જાણતા હતા તે તને બતાવી દીધું, પણ તું તૃપ્ત નથી. ત્યારે તેમણે કહ્યું; 'હું શાંતિની શોધમાં આવ્યો છું, શક્તિની નહીં.' મારે બીમારી ઠીક નથી કરવી. મારે ચમત્કાર ન જોઈએ. મારે તો એ જાણવું છે, જે પરમ સત્ય છે. મારે તો મારી પરમ સત્તાનું ઉદ્‌ઘાટન કરવું છે.'

## ॥ પદ-પરિચય : 'મા'ના પ્રેમનો પ્રબળ ટંકાર ॥

### ॥ હું છું માનું સિંહણબાળ ॥

**વારે વારે કહું છું આજ**
**હું છું માનું સિંહણ બાળ**
**હું છું માનું વહાલું બાળ**
**ડરું નહીં કે ડગું નહીં હું**
**પીછેહઠ પણ કરું નહીં હું**
**શ્રદ્ધા ભક્તિથી ચરણે રમું હું**
**આવે તેને પાર કરું હું**
**રડું નહીં કે પડું નહીં હું**
**શસ્ત્ર વિના પણ લડી લઉં હું**
**ધરતી પર જો રાહ ન ભાળું**
**આકાશેથી મારગ કરું.**
**શત્રુ વચ્ચે હસતું રહું હું**
**શ્વાસે શ્વાસે સ્મરણ કરું હું**
**જ્વાળામુખીમાં જલી ન જાઉં**
**જળ પ્રપાતમાં કદી ન ડૂબું**
**દુઃખના ડુંગર ઊંચકી શકું હું**
**કારમા ઘાને ઝીલી શકું હું**
**હરિની હૂંફે જીવી શકું હું**
**'મા' છે સાથે માણી શકું હું.**



**વહાલ માનું અખંડ રહેતું**
**વરદ હસ્તને શિર પર ધરતું**
**અંધકારમાં પ્રકાશ ધરતું**
**રણમધ્યે વળી સુગંધ ધરતું**
**માના વહાલથી સજ્જ થતું હું**
**મા દર્શનથી ખીલી ઊઠું હું**
**માની છાંયે ઊડી શકું હું**
**મા શક્તિથી તરી શકું હું**

**—'મા' સર્વેશ્વરી**

પૂજ્યશ્રી 'મા'રચિત 'હું છું માનું સિંહણબાળ' અભિવ્યક્તિની એક 'વિશિષ્ટ છટા' ઊભું કરતું પદ છે.

પદનો પ્રારંભ 'વારે વારે કહું છું આજ' હું આજે 'એક વાત-એક હકીકત વારંવાર કહું છું, કહેવા માગું છું', પુનરાવર્તનનો દોષ વહોરીને પણ કહેવા માગું છું; 'હું છું માનું સિંહણ બાળ.' મને મળો, મને ઓળખો હું 'મા'નું સિંહણબાળ છું, અર્થાત્ ભીરુ, ડરપોક નથી, 'મા'-મહાશક્તિની કૃપા પામેલ સામર્થ્યવંત, સાહસિક, પરાક્રમી શક્તિથી ઉભરાતું બાળ છું. એટલું જ નહીં, માનું વહાલું બાળ છું, 'મા'નો હું પ્રિય છું, 'મા' મને ચાહે છે.

'મા'ની શક્તિ ને માના વહાલની સંપત્તિ મારી પાસે છે તેથી સ્વાભાવિક છે કે ના હું ડરું, ના હું ડગું પીછેહઠ પણ ન કરું;-પરિસ્થિતિ ગમે તેવી વિષમ કેમ ન હોય-હું તો શ્રદ્ધા-ભક્તિથી 'મા'ને ચરણે રમતાં-રમતાં જીવનમાર્ગમાં જે કોઈ અંતરાય, અવરોધ આવે તેને પાર કરી દઉં.

કશું મને રડાવે નહીં, પાડે નહીં; હાથમાં એકે હથિયાર ન હોય, સાવ નિઃશસ્ત્ર હું છતાં લડી લઉં. હું જડ-સ્થિત-સ્તબ્ધ બની હેબતાઈ ન જાઉં, ગતિ પ્રગતિ માટે એવું ઉત્સુક-આતુર કે, જો ધરતી પર કોઈ રાહ ન દેખાય તો આકાશેથી માર્ગ કરી દઉં. (ચૈતન્યનો ધોધ કશે અટકે નહીં, રોકાય નહીં એ ધસમસતો એનો માર્ગ કરી જ લે.) (મિત્રો-મનગમતા માણસો વચ્ચે હસતું રહું એમ નહીં) શત્રુ વચ્ચે પણ હસતું રહું, અણગમતું સહજ સ્વીકારી લઉં. ને પ્રત્યેક શ્વાસે સ્મરણ-રટણ કરું, (અલબત્ત 'મા'નું જ).

આ તો મારા આંતરજગતની વાત થઈ. પણ બાહ્ય જગતની ઉથલપાથલો પણ મને પ્રભાવિત ન કરી શકે. જેમકે, જ્વાળામુખીમાં જલી-બળી ન જાઉં, જળપ્રપાત મને ડૂબાડી ન શકે, દુઃખના ડુંગર ઊંચકવાનું બળ છે મારામાં ! કારમા-ભીષણ ઘા હું ઝીલી શકું. અર્થાત્ તમામ પ્રતિકૂળતાઓનો સામનો કરવાની મારામાં શક્તિ છે.

એક બાળ-સાવ નાનકડા બાળકનું પરિસ્થિતિઓના પડકારોની સામે 'સ્વયં પડકાર' બનીને ઊભું રહી જતું આત્મતત્ત્વ-સત્ત્વ, એની ખુમારી, એનો આત્મવિશ્વાસ, આપણામાં વિસ્મય જગાડે, ત્યાં રહસ્યસ્ફોટ કરતું એક કબૂલતનામું આવે : 'હરિની હૂંફે જીવી શકું હું' આ બધી કમાલ મારી નહીં, 'હરિની હૂંફ'ની છે, જે આટ-આટલાં વિપરીત બળો સામે ટકાવે છે, જીવાડે છે. આમ તો 'હરિ જન્મ આપે છે જીવાડે છે પણ એ જ.' પણ, એની પ્રતીતિ સર્વને નથી હોતી, પણ મારી સાથે 'મા' હોવાથી એ હું (જાણી શકું છું-માણી શકું



છું) હરિની પ્રતિકૃતિસમાં 'મા' સાથે ન હોત તો આ રહસ્ય મને પણ સમજાત નહીં.

મારામાં આવાં અપૂર્વ બળ-સામર્થ્ય પ્રગટ્યાં એનું (એકમાત્ર) કારણ માનું વહાલ અખંડ રહે છે, હર હાલ-હર સંજોગમાં એ રહે છે, (પણ વહાલ તો સૂક્ષ્મ છે, એ અનુભવી શકાય) જ્યારે 'મા' તો એમના વરદ હસ્તને મારા શિર પર ધરેલો રાખી, એમની સ્નેહપૂર્ણ ઉપસ્થિતિનો 'પ્રત્યક્ષ અનુભવ' પણ કરાવે છે. 'મા'ના વહાલની આવી બેવડી સુરક્ષા મારે માટે અંધકારમાં પ્રકાશ તેમજ રણ વચ્ચે, નિર્જનતા-એકલતા વચ્ચે સુગંધ ધરી રહે છે. ચોમેર-ચોતરફ વહાલનું રક્ષાકવચ મારી આજુબાજુ હું અનુભવું છું.

પ્રતિકૂળ, દારુણ, ભીષણ બળો પછી તે જાત સાથેના સંઘર્ષમાંથી જન્મ્યાં હોય, કે જગત સાથેના યુદ્ધમાંથી ધસી આવ્યાં હોય; એની સામે માના વહાલથી હું સજ્જ-તૈયાર-સક્ષમ થઈ જાઉં છું. 'મા'નાં દર્શનથી મુરઝાવા-કરમાવા જતું હું ખીલી ઊઠું છું.

'માની છાંયે ઊડી શકું હું' અર્થાત્ મુક્ત, સ્વાધીન-સ્વાયત્ત જીવનનું આકાશ 'મા'એ મારે માટે ખુલ્લું કરી દીધું છે. 'મા'નો શીળો-શીતળ આધાર મને ઉડ્ડયનક્ષમ બનાવે, ઉડાન માટે તૈયાર કરે છે. કહો કે, 'મા' શક્તિથી હું તરી શકું-આનંદના હિલાળા લેતું !

મને 'મા'માં 'દૃઢ શ્રદ્ધા' છે, એ જ મારી 'અપ્રતિમ આત્મશ્રદ્ધા'નું મૂળ કારણ છે. પદના આરંભમાં આત્મસત્તાથી ઊભરાતું-છલકતું 'મા'નું વહાલું-સિંહણબાળ પદના

અન્તભાગમાં 'મા' સત્તા-પ્રભુસત્તાને આગળ કરી, assert કરી; પોતે એના 'વહાલ'ના નેપથ્યમાં સંતાઈ જાય છે; અદ્‌ભુત-ખુમારી, અપૂર્વ આત્મગૌરવ દર્શાવ્યા પછી પ્રભુકૃપા-માના વહાલનું એ પરિણામ છે; એ 'વિનમ્રતાભરી કેફિયત' પદને અત્યંત કાવ્યાત્મક-કલાત્મક ઊંચાઈએ મૂકી દે છે.

'સાંઈયાસે સબ કુછ હોત હૈ
મુજ બંદે સે કછુ નાહિં
કહો કહીં જો મૈંને કિયા
તુમ હી થે મુજ માંહિ..'

—કબીરની તાત્ત્વિક કવિતાનું કેટલું-કેવું સુંદર રૂપાંતર આપણને આ સરળ પદમાં કેટલી સહેલાઈથી 'મા પાસેથી' પ્રાપ્ત થાય છે ! 'હું છું માનું સિંહણબાળ'નો 'હું'કાર છેવટે 'મા'ના 'અપરંપાર અનુગ્રહ'ના 'બોધ-સમજણ-સ્વીકાર'માં અપાર કૃતજ્ઞભાવમાં ઓગળી જાય છે. ને 'મા', હું નહીં, 'તૂ હી...તૂ હી...નો સ્વર ગુંજી રહે છે.'

પોતાનામાં જાગૃત થયેલી, સંચાર પામેલી તમામ શક્તિઓ-કંઈક સિદ્ધ કરવાની, ખીલી ઊઠવાની, ઊડી શકવાની, તરી શકવાની સંભાવનાઓ એક 'મહાશક્તિ'ને આભારી છે, પોતાનું આમાં કશું નથી, પોતે કંઈ નથી. જે કંઈ છે, 'મા' દીધું છે, 'મા'ના પ્રેમનો જ આ પ્રબળ આવિષ્કાર છે.

આમ, છલકતી આત્મશ્રદ્ધામાં ભળી, એકરૂપ થઈ જતી પ્રભુશ્રદ્ધા કાવ્યને એક અદ્‌ભુત મુકામે લઈ જઈ ખડું કરી દે છે.

અપૂર્વ આત્મસત્તાના આવા અનન્ય ભાવોદ્‌ગાર પર પ્રભુસત્તાની મહોર મારી આ પદે અપૂર્વ ચૈતન્યવિસ્તાર સાધ્યો છે.



કહે છે કે; 'આપણી અંદર રહેલી ઊર્જા વિશ્વમાં રહેલી ઊર્જા સાથે સંવાદી બને છે ત્યારે જ 'કંઈક' ઘટે છે.'

આપણને કચડી નાંખવા જ્યારે બાહ્ય પરિબળો તત્પર થઈ જાય ત્યારે એને ઓળખી-જાણી, આપણા 'આંતરિક બળ'ને ઓળખાવનાર પરમ શક્તિનું સાંનિધ્ય સેવવાથી જ 'આપણું સત્ત્વ' પુનઃ ખીલી ઊઠે છે. આપણને નિરર્થક કરવા જતાં સર્વ બળો અદૃશ્ય થઈ જઈ, આપણી સાર્થકતા સિદ્ધ થઈને રહે છે.

આમ, સંસારના કુરુક્ષેત્રમાં સંઘર્ષો ઊભા થાય છે પણ કાયર બન્યા વિના એનો સામનો કરી લેવાની 'કોરી શિખામણ જ નહીં,' પ્રચંડ શક્તિ આપણામાં સંક્રાન્ત કરી, સંતો એવી સંવેદનશીલતા દાખવે છે કે આપણે આત્મવાન બની અનન્ય ગૌરવ-મગરૂરીથી બોલી ઊઠીએ કે; 'હું છું માનું સિંહણબાળ' પણ આ નાનકડી ઉક્તિમાં બધું વજન 'માનું સિંહણબાળ' શબ્દો પર છે. 'હું છું' એ ઓળખાણ તો ગૌણાતિગૌણ પણ હું જેનું સિંહણબાળ છું એ 'મા'નો પ્રતાપ, એનો પ્રેમ જ સર્વકાંઈ છે. હું તો સાવ નગણ્ય, તુચ્છ પણ 'મા'ના પ્રેમે કરીને મહામૂલું બની શક્યું છું. એ અભિજ્ઞા-એની પિછાન-'મા'ના પ્રેમની મહત્તા એને બરાબર સમજાઈ છે અને એટલે જ. એ શબ્દો એ ઉક્તિની નીચે જ 'હું છું માનું વહાલું બાળ' અનાયાસે રચાય છે.

તો મામૂલીને મહામૂલું કરી દેનાર ઈશ્વરીય પ્રેમનું શું કહેવું ? આપણને હતા-નહતા કરી નાંખનાર દુન્યવી બળો તો આપણી આજુબાજુ ઠેરઠેર છે; પણ જ્યાંસુધી આપણી પાસે 'મા'ની સંનિધિ છે, 'મા'નું દર્શન છે, 'મા'ની છાંય છે, 'મા'ની શક્તિ છે; એમનું અખંડ વહાલ છે, શિરે વરદ હસ્ત છે ત્યાં

સુધી 'આપણું અસ્તિત્વ સદા ઝળહળ' છે. સાર્થક છે. ધન્ય છે. ભીષણ વાવાઝોડા સામે આતમદીપ ઝળહળાવનાર 'મા'ના વહાલ-પ્રકાશ માટે શું કહેવું ? કેમ કહેવું ? કેવી રીતે કહેવું ?

છેલ્લી વાત, આ પદ જાણે આપણને મહાભારતના કુરુક્ષેત્ર પર પહોંચાડે છે, જ્યાં વિષાદવિહ્વળ—

**અર્જુન :** ધનુષ હાથથી સરકતું, દાહ ત્વચામાં થાય,
ચિત્ત ભમે, મારાથી ના જ ઊભા રહેવાય.

એમ કહીને હતાશાથી રથમાં બેસી પડે છે ત્યારે તેના સારથિ બનેલા—

**શ્રીકૃષ્ણ :** 'કાયરતાને છોડ ને ઊભો થા લડવા
તને છાજતું આ નથી, ઊભો થા લડવા.'

કહી એને યુદ્ધ કરવા પ્રેરે છે. પરિણામે પાંડવો કૌરવો સાથે ભીષણ યુદ્ધ ખેલી શકે છે ને છેવટે ધર્મનો જય થાય છે.

સંસારમાં આજે પણ કુરુક્ષેત્રો છે, યુદ્ધ કરવું પડે એવી પરિસ્થિતિઓ છે, ત્યારે જો તમે અર્જુન હો તો શ્રીકૃષ્ણ બનીને સંત પધારે જ છે, તમારું જીવનરથનું સારથિપદ ગ્રહીને એ તમને પ્રેમથી દોરે છે. માર્ગદર્શન આપે છે, તમને સંરક્ષે છે. કેમકે, ભગવાન ભક્તને પ્રેમ ન કરે તો જાય ક્યાં ?

પૂજ્યશ્રી 'મા' રચિત 'હું છું સિંહણબાળ'. એ બાળકની ગૌરવગર્જનાની પાછળ અનુભવાતો 'મા'ના અનન્ય પ્રેમનો અદ્ભુત ટંકાર આપણને વિસ્મયમુગ્ધ કરી રહે છે. બાળક 'ધન્યાડસ્મિ' કહે ત્યારે 'મા' કેવી ધન્યતા અનુભવે !

**—સંપાદન**



# ॥ 'મા' સર્વેશ્વરીનું સાહિત્યસર્જન ॥

પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીએ નથી વિદ્વત્તાભર્યાં પ્રવચનો આપ્યાં કે નથી તત્ત્વજ્ઞાનસભર ગ્રંથો લખ્યા. કેવળ ઈશ્વરદર્શનની ઝંખનામાં ચકચૂર એવી સંપૂર્ણ પ્રેમથી સભર 'અંતરની વાણી' સરળ ભજનો દ્વારા 'અર્ઘ્ય' અને 'અંજલિ' ભજનસંગ્રહો દ્વારા, 'પોયણું પાંગર્યું' શૈશવની કથા દ્વારા, પોતાના સદ્ગુરુની ગહન-ગંભીર આત્મકથા 'પ્રકાશના પંથે' ના સરળ, સર્વગમ્ય પદ્યાનુવાદ 'શ્રીયોગેશ્વરલીલામૃત' દ્વારા તથા 'દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ' ગ્રંથ દ્વારા વહાવી છે.

## 'મા' સર્વેશ્વરીની વિનમ્રતાભરી કેફિયત

'મા'ની કોઈ પાત્રતા, કોઈ શક્તિ નથી, નથી કોઈ સાહિત્યનો સંસ્પર્શ નિત્ય નવી શક્તિથી સજાવવા દરરોજ કાંઈ નવું લખાવે, (એવું લખાવે) જેથી 'મા' મન દઈને સાધના કરે. જેમ બાળકને મનગમતું રમકડું આપી રિઝવી લેવાય એમ!

●

પરમ સખાને ત્યાં કાગળ-પેન ન હોય. 'મા' જે કાગળ ધરે એના ઉપર, જે કલમ પકડે એના પર 'સીધો પ્રસાદ' ધરતા રહે છે.

●

આ 'મા'ના હાથ 'કલમ-કાગળ-મન' પરમ સખાના પવિત્ર પ્રસાદ જેવાં બની ગયાં છે.

●

પવિત્રતાનું પૂર્ણસ્વરૂપ પરમાત્મા. એમનાં દૈવી કાર્યો માટે

માધ્યમ તો પવિત્ર જ હોવું જોઈએને?

●

પાવનસ્પર્શે સર્વ સાધનો પવિત્ર કરીને પછી જ પ્રસાદ પીરસતા હશે. મંદિરના પૂજારી કે દર્શનાર્થીઓ સ્વચ્છ ધોયેલા હાથમાં જ પ્રસાદ ઝીલી લે છે ને!

●

પ્રભુ સખાનું પદ સર્વશ્રેષ્ઠરીતે દીપાવી રહ્યો છે. કોઈ એક દૃશ્ય પરમ સખા 'ક્ષણિક' બતાવે પછી નવો પ્રસાદ ક્ષણમાં જ ધરી દે!

●

**પ્રતિબિંબ પ્રભુ મુજને બનાવો**
**જગને એમાં રૂપ બતાવો**
**પવિત્ર સાત્ત્વિક ભાવે સજાવો**
**પારદર્શક જીવન બનાવો.**
**એકાંતે પ્રતિમાને ઘડીલો**
**જ્ઞાનવૈરાગ્યના ટાંકણે ટંકારો.**
**સામગ્રી પૂજાની બનાવો**
**હવનની આહુતિ મુજને કરી દો**
**આ જીવનના ખૂણેખૂણેથી**
**હરિનાં દર્શન સૌને કરાવો.**

(પ્રસાદ તરીકે વહેંચાઈ જવાની અભીપ્સા)

## અર્ઘ્ય

કહે છે : 'સાહિત્ય અને જીવનનો સંબંધ મોતી અને આબ જેવો છે. 'અર્ઘ્ય' પૂ. 'મા' સર્વેશ્વરીનો પ્રથમ કાવ્યસંગ્રહ એની



પ્રતીતિ કરાવે છે. 'મા' પરમાત્માના રંગે રંગાયેલાં, પરમાત્મામાં જ જીવનારાં અસાધારણ આત્મા હોવાથી પોતાના 'અનુરાગનો અર્ઘ્ય' જુદા જુદા ઢાળ તેમજ ભાવથી અર્પે છે.

'મા' એ જીવ્યું તેવું જ ગાયું અને ગાયું તેવું જ જીવી બતાવ્યું છે એટલે એમનાં ગીતોમાં સહજતા-નૈસર્ગિકતા છે. અનુભૂતિની પારદર્શક, સરળ છતાં વેધક, આકર્ષક અભિવ્યક્તિ છે.

● અંતરનો આહ્‌લાદ શબ્દોમાં સીધો અવતરે છે; જેમકે :

**'મને ગોવિંદરૂપે ગુરુજી મળ્યા,**
**જેથી જનમમરણના ફેરા ટળ્યા.**

● 'મા' કવયિત્રીની સાથે સાથે તપસ્વિની-યોગિની છે. સિદ્ધેશ્વરી છે છતાં અતિ વિનમ્ર સ્વરે કહે છે :

**'મારાં પાપતાપ નિવારજો,**
**પ્રભુ વરદ હસ્તે વધાવજો.'**

● પ્રેમમાં પ્રબળ પ્રતીક્ષાની ઉત્કટતા-ઝંખના કંઈક આ રીતે મૂર્ત થાય છે :

**'અરે કોઈ શ્યામલ જોગીને જઈ કહેજો રે**
**જોગણ જુએ વાટડી.....**

● 'શ્યામલ ગિરધારી'ને સીધું આમંત્રણ છે :

**'દિવ્ય દેહ ધરીને આવો**
**વાંસલડી મિષ્ટ વગાડો....'**

● 'ઝૂકાવ્યું જીવન' જેવાં ગીતોમાં સર્વસમર્પણભાવ નિરુપાયો છે :

**'નિંદાટીકા ભલે થાયે**
**સ્વજનો યે છોડી જાયે**
**જે થવાનું હોય તે થાયે રે...પ્રભુજીના પંથે.'**

● જ્યારે 'પીયૂષની પ્યાલી'માં પ્રભુમિલનનો આનંદ વ્યક્ત થાય છે :

**'બંધન તોડાવી ને સેવા સ્વીકારી**
**ગુરુ ગોવિંદપદે રાખી**
**બનાવી બડભાગી**
**પીયૂષની પ્યાલી રે પ્રભુજીએ પાઈ.'**

● અને પ્રભુને પડકારતી વાણીનો જાદુ પણ મોહક છે :

**'બંધ બારણે ટકોરા મારે તો**
**શ્યામ તને સાચો ગણું.'**

સર્વત્ર ભાવોની વિવિધતા, સંવેદનનાં ઊંડાણ-સૂક્ષ્મતા તેમજ મૌલિકતા જોવા મળે છે.

યોગેશ્વરજીએ આ સંગ્રહને આવકારતાં યથાર્થ કહ્યું હતું :

'આખોયે સંગ્રહ અનેક રીતે અવનવો અને આસ્વાદ્ય બન્યો છે. એ અનેક હેતાળ હૈયાને ગાતાં કરશે ને પ્રેરણા તથા જીવન ધરશે.' જ્યારે પૂ. 'મા'એ વિનમ્રભાવે 'અર્ઘ્ય'ની કેફિયત આપતાં કહ્યું : 'પ્રભુકૃપાથી અંતરમાંથી ગીતની ગંગા આપોઆપ વહેવા લાગી.....ગીતો જીવનની સાધનાના માર્ગે મદદરૂપ થયાં.' અલબત્ત, પ્રસિદ્ધિ માટે નહિ પણ પોતાના આત્મસંતોષ માટે તૈયાર થનાર 'મા'નો આ ગીતસંગ્રહ કોઈને પણ મદદ કરશે તો આ પ્રકાશન સાર્થક નીવડશે એવી ભાવના વ્યક્ત કરી હતી.



## ॥ અંજલિ ॥

મીરાંની જેમ જ 'મા' સર્વેશ્વરીનાં ભજનો એમના હૃદયના અંતર્ઝરાની જેમ ફૂટ્યાં છે. 'અંજલિ' ભજનસંગ્રહ એનું ઉત્તમ ઉદાહરણ છે. પૂજ્યશ્રી યોગેશ્વરજી કહે છે તેમ; 'આ રચનાઓની પાછળ એમના જીવનના જાત-અનુભવના ધબકાર સંભળાય છે. ક્યાંય કૃત્રિમતા નથી, નિર્મળ સહજતા અનુભવાય છે. એમની વાણી હૃદયને સ્પર્શે તેવી પ્રેરક છે.'

'મા' જેવા સમર્પિત ભક્તો 'શ્રીગુરુ' કે 'શ્રીહરિ'ને જ પોતાના સર્જનનું લક્ષ્ય માનતા હોવાથી કવિપણાનો ગર્વ કદી પાંગરતો નથી. એટલે એમની રચનાઓ કાવ્યત્વની દૃષ્ટિએ નહીં પણ 'સળંગ સાધનાની પ્રક્રિયારૂપે' સંતસંનિધિની એકમાત્ર ઇચ્છાના આવિષ્કારરૂપે નિહાળવી ઘટે.

ઈ.સ.૧૯૮૩માં માતૃશ્રી ભીખીબાની પુણ્યસ્મૃતિમાં પ્રકાશિત આ ગીતસંગ્રહ 'મા' સર્વેશ્વરીનો શબ્દદીપ જ નહીં, અંતરદીપ છે. જેમાં ૫૧ રચનાઓ ગુરુતત્ત્વના મહિમાથી ઝળહળે છે.

'શ્વાસોચ્છ્વાસે નામ જપો તો નામી દોડી આવે રે' એવી શ્રદ્ધા સાથે આરંભાયેલું પ્રારંભનું 'હરિદર્શન' ભજન, વિનમ્ર વિજ્ઞાપ્તિમાં પરિણમે છે :

**'આ જન્મે ને આ દેહે હું પામું શ્રીહરિદર્શન રે**
**સહાય કરજો શ્રીહરિ ! મુજને કરજો દૈવી સ્પર્શન રે.'**

આ સંગ્રહનાં મોટા ભાગનાં ગીતોમાં શ્રીગુરુસંનિધિનો આનંદ સ્ફુટ થયો છે જેમકે, 'મારું સૌભાગ્ય ગયું જાગી રે તારા

શરણમાં, મને મળી ગયા દેવના દેવ હરિ.' પોતાની યોગ્યતા સિદ્ધ કરવા પ્રાર્થે છે :

✳ 'રાગદ્વેષ મમતા હૈયે ના વસે રે, પ્રેમે નસનસ નિર્મળ થાય.'

સુખ મળે તો સંતકૃપા ને દુઃખ પડે તો કસોટી ગણું.

✳ 'પોતે તો સંસારીની માયા તોડી, પ્રભુનાં ચરણોમાં જોડી પ્રીત.'

✳ મારી ચિંતા કોઈ કરશો નહીં, પ્રભુ મંદિરે, સંતના દ્વારે પ્રયાણ કરીએ.

✳ અનુગ્રહથી ગુરુ અપનાવે, દિવ્ય રસાળ દર્શન આપે ને
પગલાં ભરું હું આડાં જરી તો મીઠી ટકોર કરજે મને.

✳ 'હરિ ! તારા નામની ચૂડી મેં ધારી રે
અખંડ ને અમર ચૂડી છે ધારી રે
માયા મમતા એના થકી ગઈ હારી રે.'

કહેનાર ભક્તને 'ભિક્ષુક આવે ટોળે પણ તું તો મારે કાજે આવી ભક્તિ તારી શ્રેષ્ઠ કરી,'

'શણગાર ભજનમાં મારી ચળકે ચૂડી'

શ્રદ્ધા કેરું કુમકુમ, સ્નેહનું સિંદુર, પાવિત્ર્યનું પાનેતર ને

પ્રાણમાં પ્રેમનું પૂર..ભાવની ગતિમાં કલ્પનો તાલ મેળવે છે.

✳ સંસારની છોડી માયા,
સ્વીકારી તારી છાયા, સહજ પ્રાસઃ

✳ હું તો આવી રહી તારે દ્વાર
ઓ કૃપાનિધિ ! માર કે તાર.



'મારા જીવનના એક આધાર ઘનશ્યામ રે
મારી રક્ષા કરો રાધેશ્યામ રે' થી આરંભાતી રચના

✳ 'પ્રતિકૂળતાના પવનો ચાલે
વિપત્તિના વરસાદ;
તૂટી-ફૂટી જીવનહોડી
પાર કરો મહારાજ !' —પ્રાર્થના અનુનયમાં પરિણમે છે.

ક્યારેક સાધક સદ્ગુરુમાં 'માતા'ની ઝાંખી કરી લે છે :

✳ 'યોગેશ્વર હે મારી માત !
તુજને વંદું વારંવાર
તીર્થશ્રેષ્ઠ જનની હે મારી
ગુરુદેવરૂપે છે પધારી...'

'સાથે રાખો'માં સીધી વિનવણી છે.

✳ 'પ્રેમપૂજાનું પાવન પુષ્પ બનું
પ્રભુચરણોની નિર્મલ ધૂલિ બનું
મારા દેવોના દેવ એક તમને ગણું'

ગુરુજીના શરણમાં શાંતિ મળતાં-

✳ 'ગુરુના ચરણે અડસઠ તીરથ'ની અનુભૂતિ.

✳ પ્રતીતિ : 'સંતસ્વરૂપે રે પ્રભુ પોતે આવિયા રે લોલ.'
ભજ મન શ્રીગુરુદેવ
યોગેશ્વર સુખધામ..

ને છેલ્લે 'શ્રી યોગેશ્વરસ્તુતિ-બાવની' બાવન લીટીનું પદ સદ્ગુરુની જીવન-સાધનાના વર્ણન સાથે, પોતાની સાત્ત્વિક પ્રાર્થના, અને સાથે જ નિઃસંશય શ્રદ્ધા : 'પાઠ કર્યાથી શાંતિ

મળે, ચિંતા જડતા ભીતિ ટળે' થી મઢાઈ પૂર્ણાહુતિ પામે છે :

**'ચરણકમળમાં પ્રેમથી વારંવાર પ્રણામ**
**રક્ષો ભવસાગરતણાં વિઘ્નો થકી તમામ'**

આજે પણ સાધકો આમાંથી પ્રેરણા, શાંતિ ને માર્ગદર્શન પામે છે, પ્રભુ જીવનાધાર બની એમને રક્ષતા હોય એમ પ્રતીત થાય છે.

'મા' સર્વેશ્વરીના ભાવજગતમાં વિવિધ રાગઢાળોના લય આવર્તનો ગુંજતાં રહે છે, જે હૃદયનો કબજો લઈ લે છે તે શબ્દદેહ પામે છે. લયને અનુરૂપ શબ્દો ઉતરે છે ને એક સુંદર ભજન સિદ્ધ થાય છે. 'અંજલિ'ના પ્રત્યેક ભજનની આ ઉદ્‌ગમપદ્ધતિ છે. જે સહજ, સરળ, સુગમ ને આકર્ષક છે. અલબત્ત, પુનરુક્તિઓ, માત્રાની વધઘટમાં અસંતુલન ક્યાંક આવી જાય છે. પણ એ સિવાય 'નિર્મળ ભાવનિર્ઝર'ની તાજગી. સર્વત્ર અનુભવવા મળે છે.

## ॥ પોયણું પાંગર્યું ॥

પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીએ પોતાના વિદેશવસવાટ દરમ્યાન એમના 'શૈશવની કથા' આલેખી એની એક નાનકડી પુસ્તિકા ઈ.સ.૨૦૦૩માં ઈમેજે પ્રકાશિત કરી. એનું નામ 'પોયણું પાંગર્યું' પૂ.'મા'એ જ સૂચવ્યું, જે પુસ્તિકાના અંતસ્તત્ત્વને સંપૂર્ણપણે અનુરૂપ હતું.

પૂ.'મા'ના પિતાશ્રી કાલિદાસભાઈએ જેમનું નામ હેતથી 'સરોજ' પસંદ કર્યું, પરમ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજીએ એનો પર્યાય 'પદ્મ' સ્વીકારી, 'પાવન પદ્મ' તરીકે જેની મહત્તા કરી; એ 'મા' પોતાને સહજ વિનમ્રતાથી 'પોયણું' તરીકે ઓળખાવે છે. એટલે 'પોયણું પાંગર્યું' શીર્ષક માત્ર આ પુસ્તિકાનું જ નહીં, આપણાં સર્વનાં પ્રેમમયી 'મા'ની અતિ કોમળ, શુભ્ર, સરળ આંતરશ્રીનું પણ પરિચાયક બની રહે છે.



જે 'મા' આજે પૂર્ણ પ્રસ્ફુટિત પદ્મ છે, એમનું પોયણું-સ્વરૂપ પાંગરવાનું મંગલ મુહૂર્ત કેવું ભવ્ય, કેટલું પ્રસન્નકર હશે એ જાણવાની આપણી સહજ જિજ્ઞાસા જાણે આ પુસ્તિકાથી પોંખાય છે.

આ પોયણું જેમાં પાંગર્યું એ પવિત્ર સરવરજલસમાં સ્નેહાળ પૂર્વજોનું ઋણ 'મા' મસ્તકે ધારે છે, એમાં એક વિરક્ત સંતહૃદયનો સહજ સ્નેહ છલકાય છે. 'મા'ની સહજ શબ્દનકશી કોઈપણ સહૃદયને સ્પર્શી જાય એવી છે. આમાં આલેખાયેલ પૂ.'મા'નું શિશુસ્વરૂપ બહુ આનંદદાયી અને ઉદ્‌બોધક થઈ પડે તેવું છે.

પૂ.'મા'ના શૈશવનાં બાર વર્ષો એવી રસમય અભિવ્યક્તિ પામ્યાં છે કે, જે કોરા વાસ્તવના દસ્તાવેજી ચિત્રો નહીં પણ ભાવધબકાર, હરિશ્રદ્ધા-રણકાર ઝીલતાં જીવંત રૂપ પ્રતીત થાય છે. એક બાળકીના સપાટી પરના જીવનની વિગતોના નિરૂપણને સમાંતરે એના આંતરચૈતન્યની સહજ શબ્દલીલા સ્ફુટ થતાં સમગ્ર નિરૂપણ હૃદયસ્પર્શી બન્યું છે.

પૂ.'મા'એ ચર્મચક્ષુ અને દિવ્યચક્ષુ ઉભયથી કરેલું 'શિશુદર્શન' તદ્રૂપતા અને તાટસ્થ્યનો સમન્વય રચી આપણને એવા શિશુલોકમાં લઈ જાય છે 'જ્યાં પગલીઓ છે તરલ સરોજની પણ એમાં સંચાર છે આત્મસ્થ 'મા' સર્વેશ્વરીનો !'

માનવજીવન એ નર્યાં તથ્યોનો સરવાળો નથી પણ સર્વ તથ્યોમાંથી ઉપર ઊઠતા એક 'શાશ્વત સત્ય'ની પ્રતિચ્છબી છે. જેની સળંગ અનુભૂતિ પૂ.'મા'ના શિશુસ્વરૂપમાં થાય છે.

પૂ.'મા' લખે છે તેમ : 'જીવનના અઠ્ઠાવનમા વરસે સૂર્યોદયનું સ્મરણગાન ગવાયું એ બાળકથાના પ્રસાદનો પડિયો સૌના હાથમાં આવી રહ્યો છે. બાળકથાની સ્મરણગંગાનું આ સ્નાન તન, મન, અંતરને પાવન કરતું રહો.'

'જીવનઝરણાના પ્રત્યેક બુંદમાં એ પૂર્વજોની સંસ્કારધારા

વહી રહે છે. એ જળધારા સૌને ગંગાસ્નાનનું સુખ ધરે એ પ્રાર્થના.'

આજે પૂર્ણ પ્રસ્ફુટિત પદ્મ એવાં 'મા' સર્વેશ્વરીના 'શૈશવ-અધ્યાત્મઉઘાડ'નું 'પાંગરેલું' આ 'પોયણું' એના રૂપ-રંગ-સુગંધની જે આભા પ્રસારે છે એ ભાવકોના હૃદય સુધી વિસ્તરશે એ શ્રદ્ધા સાથે પૂ.'મા'એ આ પુસ્તિકાને પ્રકાશિત થવા દીધી છે.

તો અધ્યાત્મમાર્ગ પા પા પગલી માંડતા આપણે સર્વ પૂ.'મા'ની આ શૈશવકથાને 'ઉત્તમ પાથેય' તરીકે મસ્તકે ધરી ધન્ય બનીએ.

## ॥ શ્રી યોગેશ્વર લીલામૃત ॥

પૂ.'મા' સર્વેશ્વરીની નિસ્બત જેટલી પ્રભુ સાથે તેટલી જ નિસ્બત 'પ્રભુપરસ્ત માનવહૃદયો' સાથે છે તેથી એમની પ્રત્યેક યોજનામાં આ બંને નિસ્બત ઓતપ્રોત હોય છે. એટલે જ તેઓશ્રી યોગેશ્વરજીના ગહન, ગંભીર, ગૂઢ જ્ઞાનગ્રંથ 'પ્રકાશના પંથે'ને પ્રેમભક્તિથી રસી દઈ ગેયરૂપ અર્પે છે, જેથી ગદ્યનું પદ્યરૂપાંતર ભક્તોના મન-અંતરમાં સરળતાથી ઊતરી જાય.

આ કૃતિનું નામ 'શ્રીયોગેશ્વરલીલામૃત' પૂ.'મા'એ પસંદ એટલા માટ કર્યું છે કે, શ્રી યોગેશ્વરજી પ્રકાશનો પંથ દર્શાવી, બાજુ પર ઊભા નથી રહી ગયા. સ્વયં એ પથ પર અધિષ્ઠિત રહીને, સ્વયં પ્રકાશરૂપ બની ગયા છે. તો એવા પરમ સામર્થ્યવંત સદ્‌ગુરુનું માહાત્મ્ય આ શીર્ષક દ્વારા જ સ્ફુટ થઈ શકે.

પૂ.'મા'નો એકમાત્ર આશય 'સંતના ગુણ ગાવાનો, ગુરુગાથા ગાવાનો' છે. તેથી અ-કર્તાભાવે 'સદ્‌ગુરુ જ પ્રકાશપંથ તણો ઈતિહાસ સુણાવશે' કહી પોતે એમના શ્રીચરણવંદના કરી, બાજુ પર ખસી જાય છે. વળી, આ ગુરુગાથાનો હેતુ પણ કેવળ ચૈતન્યપ્રસારનો હોવાથી શૈલી પણ અત્યંત સરળ, સુબોધ, રસમય રહી છે.



સાતત્યભર્યા ચૌદ અધ્યાયમાં 'સાધકમાંથી સિદ્ધ યોગીની કથા' પૂર્ણ કર્યા પછી, 'મા' વિનમ્રતાથી લખે છે : 'અહીં તે પૂર્ણ ના, આચમનથી થોડા ઘૂંટ ભર્યા છે.' કેવળ બાર દિવસમાં આ કૃતિ સદ્‌ગુરુદેવે શક્તિસ્વરૂપે 'સ્નેહશાંતિધામ'માં સિદ્ધ કરી. એ ભારોભાર કૃતજ્ઞભાવ વ્યક્ત કર્યા પછી 'સર્વેશ્વરીને માધ્યમ તમે બનાવતા દિવ્યલીલા એ જાણે કોઈ વિરલા' એમ કહી 'મા' 'શ્રી યોગેશ્વરલીલામૃત' રચના પોતાની નહીં પણ કોઈ 'દિવ્યલીલાની સરજત' છે. એવો અહેસાસ કરાવી વિરમે છે. જે વસ્તુતઃ ભગવંતની જ પૂર્ણ કૃપા છે એ દૃઢ પ્રતીતિથી કૃતિસમાપન અત્યંત સમ્યક્ રીતે થાય છે : 'શ્રી યોગેશ્વર ભગવંતનો જય, સદ્‌ગ્રંથ શ્રી લીલામૃતનો જય !' અર્થાત્ 'દોરા એના, ધાગા એના, વણાવે, વસ્ત્ર તૈયાર કરે એ જ !' એવો સંપૂર્ણ યશ 'મા' સદ્‌ગુરુને આ કૃતિ દ્વારા અર્પી એક સૂફી કવિના શબ્દો સિદ્ધ કરી રહે છે : **'કહનેકો યૂં તો ભલા મેરી જર્બાં મેરી હૈ**
**કહલવાતા હૈ જો તૂ બસ યહી કહ સકતા હૂઁ'**

## ॥ દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ ॥

દક્ષિણ આફ્રિકાની ધરતી પર એકસો પચીસ દિવસ (નવે.૧૯૮૨ થી માર્ચ ૧૯૮૩) ગાળવાનો સુયોગ પૂ.શ્રી'મા' સર્વેશ્વરીને પરમ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજી સાથે સાંપડ્યો એનાં સુખદ અને પ્રેરક સંસ્મરણો નિત્યનોંધરૂપે આ ગ્રંથમાં સચવાયાં છે.

મહાત્મા ગાંધીજીના જીવનસિદ્ધાન્તોનું પ્રારંભિક ઘડતર કરનાર આ કર્મભૂમિનાં રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક વિશેષતાઓનું દર્શન પણ આ કૃતિ કરાવે છે.

આ પ્રવાસને આધ્યાત્મિક પરિમાણ મળ્યું ત્યાંના વિવિધ શહેરોમાં પૂ.શ્રી યોગેશ્વરજીનાં ધર્મ-નીતિબોધ પરનાં વ્યાખ્યાનોથી. એમાં પચાસેક અંગ્રેજી વ્યાખ્યાનોની વિસ્મયકારક અનુભૂતિ લાક્ષણિક રહી.

નામસ્મરણ અને અલિપ્તતા, આત્મસાક્ષાત્કાર, સંત, ગીતાનો સંદેશ, ગુરુની જરૂર, ગુરુ ઉપર શ્રદ્ધા, સમર્પણભાવ, ભગવાન રમણ મહર્ષિ : જીવન અને કાર્ય, મૂકમ્ કરોતિ વાચાલમ્, શ્રીમદ્ રાજચંદ્ર, રામકૃષ્ણદેવ, ધર્મની એકતા, ભક્તિપ્રબોધ, રામાયણ, યોગનાં આઠ પગથિયાં, સંતોનો સમાગમ, આત્મજ્ઞાન..જેવા વિષયો પર રસપ્રદ પ્રવચનો દ્વારા પૂ.શ્રી યોગેશ્વરજીએ ભાવિક ભક્તોને પ્રશ્નોત્તરી દ્વારા ધાર્મિક આધ્યાત્મિક માર્ગદર્શન પણ આપ્યું. પૂ.શ્રી'મા'નું યોગદાન-કેટલાક વાર્તાલાપો, ભજનાગાનથી વિશિષ્ટ બની રહ્યું.

આવા વ્યાપક કલ્યાણકાર્યનો પરિચય અન્યત્ર વસવાટ કરતા ભક્તોને પણ થાય એવા ઉમદા હેતુથી આ ગ્રંથ પ્રકાશન હાથ ધરાયું.

## ॥ 'મા' સર્વેશ્વરીનાં અપ્રગટ પુસ્તકો ॥

**૧. પડદા ઓથે પ્રભુ** (જીવનકથા)

પૂ. શ્રીના પ્રથમ દર્શનથી પ્રારંભ થાય છે.

કુલ ૨૪ દર્શન, કુલ ૩૯૦ પૃષ્ઠો (૧૯૭૦ થી ૧૯૭૮)

**૨. શ્રીયોગેશ્વરકથામૃત :** પૂજ્યશ્રીની સંનિધિમાં

(પૂ. શ્રીની દિનચર્યા, સત્સંગ, પ્રશ્નોત્તરીની નિત્યનોંધ)

તા. ૧૧-૮-૮૦ થી ૧૮-૩-૮૪. કુલ ૯૮૮ પૃષ્ઠો.

**૩. શ્રી હરિની શબ્દયાત્રા :** પ્રારંભ પહેલી એપ્રિલ ૧૯૯૮માં.

('મા'ની દેશવિદેશની યાત્રાની નિત્યનોંધ)

કુલ ૯૨ ડાયરી (લેખનયાત્રા ચાલુ છે.)

**૪. સ્વરચિત પદો :** (૭૦૦) (જે સતતવાહી સ્રોતની જેમ સહજ વહ્યા જ કરે છે.)



## ॥ અમે તો ગુરુના ઘરમાં રમીએ ॥

**અમે તો ગુરુના ઘરમાં રમીએ**
**અમે તો સંસારી ફળિયે ના ફરીએ.**
**ગુરુચરણનું ચિંતન કરતાં**
**ચાકડે પણ ચઢી જઈએ**
**ભાંગે, અફાળે, દળે કે ખાંડે**
**હસતા ઓવારી જઈએ**
**ગુરુહાથે ઘાટ ઘડે તો**
**વાળે તેમ વળી જઈએ**
**કસોટીને પ્રસાદ માની**
**વધાવતાં શીખી જઈએ**
**સંતાકૂકડી રમતાં રમતાં**
**ગુરુને ઓળખી લઈએ**
**પ્રતિબિંબ સદ્ગુરુનું ઝીલવા**
**રાતદિવસ મથી લઈએ.**

**–'મા' સર્વેશ્વરી**

## (પદ-સમીક્ષા)

અત્યંત સરળ—સાધારણ લાગતું 'મા' સર્વેશ્વરી રચિત આ પદ જાગી ગયેલા સાધકની અનુભૂતિને બહુ સુંદર રીતે પ્રગટ કરી આપે છે.

પૂ. 'મા'ની અનન્ય ગુરુભક્તિની પારદર્શકતા આમાં એક અણમોલ હીરાની જેમ ઝગઝગે છે.

'સમજે તો ઘરમેં રહે'—કબીરની આ ગહન-ગંભીર તાત્ત્વિક સત્યની અત્યંત સરળ-સીધી કાવ્યાત્મક અભિવ્યક્તિ !

'ગુરુના ઘરમાં રમીએ.' ઘર રહેવા માટેનું સ્થાન, રમતગમતનું મેદાન નથી. પણ અમે તો બાળક! રમે એ બાળક. 'ગુરુનું ઘર' પણ એને માટે ક્રીડાસ્થલિ! રમવા ફળિયામાં જવાનું હોય, ત્યાં ફરવું નથી; ઘરમાં રમવું છે. રમત કરતાં ગુરુના ઘરમાં રહેવામાં રસ વધારે. બહાર ફરવાનો આનંદ મળી શકે એમ છે; છતાં ફળિયું 'સંસારી ફળિયું' છે એટલે મારું-તારું, દ્વન્દ્વ, લડાઈ ઝઘડા-કલહની આમંત્રણ પત્રિકા. આમ તો ઘરની સંકીર્ણતા કરતાં ફળિયાનો વિસ્તાર ગમે, અવકાશ, ખુલ્લી હવાનું એક અલગ મહત્ત્વ હોય જ! પણ 'સંસારી' વિશેષણ એને સાંકડું બનાવી દે છે.—ગુરુના ઘરની દીવાલોમાં—આત્મવિસ્તાર અનુભવાય, સંસારી ફળિયામાં અહમ્ અહમિકાની સાંકડી ગલીઓ, સામસામા ટકરાવાય—અફળાવું પડે. ધક્કાધુક્કી. બહાર અશાન્તિ—ઉથલપાથલ—ઘરમાં શાંતિ.

ઘરમાં 'ગુરુચરણનું ચિંતન' હોય એમાં એવા ગરકાવ કે—ચાકડે ચઢી ચાકડો જોઈ ચઢી જઈએ (દૂર ના ભાગીએ) કોઈ 'ભાંગે-અફાળે-દળે-ખાંડે' હસતાં ઓવારી જઈએ. ખપી જવા, ખર્ચાઈ જવા, ભાંગીને ભુક્કો થઈ જવા, ક્ષત-વિક્ષત થઈ જવા તૈયાર. કમને-બળજબરીથી નહિ, 'હસતાં' ક્રિયાવિશેષણ મહત્ત્વનું છે. 'વાહ! અમને પણ હતા-ન હતા કરી નાખનાર કોઈક છે ખરું!!'

જો ગુરુ પોતાના હાથે ઘાટ ઘડે તો વાળે તેમ વળી જઈએ એની મરજી!-કસોટીને પ્રસાદી માની વધાવતાં શીખી જઈએ.



કસોટીથી ડરી ભાગીએ-નાસી છૂટીએ નહિ. પ્રસાદી માની સામેથી સહજ સ્વીકારી લઈએ-પ્રેમપૂર્વક! પાછાં ન પડીએ.

સંતાકૂકડી રમતાં રમતાં ગુરુને ઓળખી લઈએ—'સંતાકૂકડી'-ગુરુ પોતાને જોઈ ન જાય, પકડી ન પાડે અને રખે ગુરુ આપણને નજરઅંદાઝ કરી બેસે—એ બે લાગણીની રમત. એ ગુરુ આપણા પર દૃષ્ટિ રાખે છે કે નહિ, એમની દૃષ્ટિ રહે છે કે નહિ એ ખબર પડે. એમને ઓળખી લઈએ.

'પ્રતિબિંબ સદ્ગુરુનું ઝીલવા રાતદિવસ મથી લઈએ. પણ કાવ્યના આરંભમાં ઘરમાં રમવાનો હેતુ 'શિશુ'નો દેખાતો હતો. એ પાકો જિજ્ઞાસુ છે, પ્રખર પુરુષાર્થી છે, રાતદિવસ મથનારો છે. ગુરુનું પ્રતિબિંબ ઝીલવા તત્પર છે. તત્પર ચેતના છે.

કાવ્યના પ્રારંભમાં એક શિશુ ઘરમાં રમવા લાગે છે, સંસારી ફળિયે રહેવા માગતું નથી. એ સાધારણ જણાતી વાત છેવટે જિજ્ઞાસુ ક્ષણજીવી સુખમાં રાચવાને બદલે, શાશ્વત આનંદની તલાશમાં છે. સંસારી કોલાહલથી પરે રહી, શરીર-મનના દ્વંદ્વોથી પરે આત્મામાં વસવાટ કરવા ચાહે છે. એ સ્પષ્ટ સમજણમાંથી આ નિર્ણય ઉદ્ભવ્યો છે.

જીવનનું લક્ષ્ય જાગૃત સાધકે નક્કી કરી લીધું છે. જ્યાં જે કક્ષાએ સદ્ગુરુ છે, ભલે રહ્યા, 'પોતે એ બિંબને નહિ, એમના પ્રતિબિંબને ઝીલવાનું નિમિત્ત બને તોય ઘણું!' મૂળ સુધી પહોંચવાની ઉતાવળ કે અધીરતા નથી. છલોછલ વિનમ્રતાનું ઐશ્વર્ય આ સ્વસ્થ-સમતોલ નિર્ણયમાં ઝળહળે છે.